Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી

**ચીમનલાલ ગોકળદાસ શાહ**

તા. ૧૫–૮–૫૨ : અમદાવાદ

વર્ષ ૧૭: અંક ૧૦–૧૧ ] [ ક્રમાંક : ૨૦૧–૨૦૨

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय–दर्शन


| અંક વિષય : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|
| ૧. અમારી વાત. | સંપાદકીય : | ૧૭૩ |
| ૨. રાજગૃહમાં પ્રાચીન જૈન સામગ્રી : | શ્રી અદીશચંદ્ર વંદ્યોપાધ્યાય : | ૧૭૫ |
| ૩. શ્રીમદ્ આનંદઘનજી મહારાજ : | શ્રી વસંતલાલ કાંતિલાલ: | ૧૮૦ |
| ૪. જીવનશુદ્ધિનું મહાપર્વ : | પં. શ્રી. અંબાલાલ પ્રે. શાહ : | ૧૮૩ |
| ૫. ગુજરાતનો પ્રાચીન મંત્રીવંશ : | પં. શ્રી. લાલચંદ્ર ભ. ગાંધી : | ૧૮૫ |
| ૬. મુનિ સહજજ્ઞાન રચિત જિનલબ્ધિસૂરિ પટ્ટધર જિનચંદ્રસૂરિ વિવાહલઉ : | શ્રી. અગરચંદજી નાહટા : | ૧૯૩ |
| ૬. નવી મદદ : | | ટાઈટલ પેજ બીજું. |
| ૭. ચાર પૂજ્યોનાં ચાતુર્માસસ્થળો : | | ,, ત્રીજું |
| ૮. સાભાર સ્વીકાર : | | ,, ,, |


**ભૂલ સુધારો :** જૈન સત્યપ્રકાશના ગતાંક : ૮–૯ માં પૃ. ૧૪૬ પર 'ભગવાન મહાવીર'ના લેખક શ્રીયુત કાંતિલાલ ઇશ્વરલાલ શેઠ નહિ પણ તેમના સુપુત્ર વસંતલાલ કાંતિલાલ સમજવાં.



## નવી મદદ

૫૦૦) પૂ. મુનિમહારાજ શ્રીદર્શનવિજયજી મ. (ત્રિપુટી)ના ઉપદેશથી શ્રી. જૈન શ્વેતાંબર તપગચ્છ સંઘ—શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી. સુરેન્દ્રનગર

★

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| वर्ष : १७ | વિક્રમ સં. ૨૦૦૮ : વીર નિ. સં. ૨૪૭૮ : ઈ. સ. ૧૯૫૨ | क्रमांक |
|---|---|---|
| अंक : १०-११ | શ્રાવણ વદ ૧૦ : શુક્રવાર : ૧૫ ઑગસ્ટ | २०१-२०२ |

# અમારી વાત

**જૈનધર્મ**ના ઉચ્ચ સિદ્ધાંતો અને તેના ઉદાર આશયોને નહિ સમજતા કેટલાક વિદ્વાનો જાણે-અજાણે કે ગમે તે આશયથી પ્રેરાઈને કેટલાક પ્રસંગો ઉપજાવી કાઢી જૈનધર્મ અને સમાજનો ઉપહાસ કરવાની પ્રવૃત્તિ આદરી બેઠા છે. એ પ્રવૃત્તિ નથી તો કેળવણીનો ધોરી પંથ કે નથી સાહિત્યનો રાજમાર્ગ. આવા અયોગ્ય સાહિત્ય માટે 'જૈન સત્ય પ્રકાશ' માસિકે કેટલુંક કાર્ય કરી બતાવ્યું છે, જે-હંસમયૂર, ઉદયનમંત્રી-વાળો પ્રસંગ અને પેટમાં દેડકાવાળો વાણિયો—ની સમાલોચનાથી સૌને વિદિત છે. એ આલોચનામાં લેખકોના વ્યક્તિત્વ પર લેશ પણ દ્વેષથી પ્રેરાયા વિના કેવળ સિદ્ધાંતનું સાચું સ્વરૂપ, કેળવણીનો શુદ્ધ રાહ અને સાહિત્યનો રાજમાર્ગ બતાવવાનો ઉદ્દેશ જાળવવાની અમે પૂરી કોશીશ કરી છે અને અંગત કે વ્યક્તિગત ટીકાથી અમે સદંતર વેગળા જ રહ્યા છીએ; કેમકે 'જૈન સત્ય પ્રકાશ'નો એ રાહ નથી.

આવા આક્ષેપોના જવાબ આપી આ માસિકે સત્તર વર્ષો સુધી જૈનધર્મ અને સમાજની સેવા કરવાનો પોતાનો મુખ્ય આદર્શ જાળવી રાખ્યો છે. એ આક્ષેપોના જવાબની સાથોસાથ માસિકે મંડનાત્મક પ્રવૃત્તિરૂપે ઇતિહાસ પુરાતત્ત્વ, ઉપદેશ-કથાઓ, તત્ત્વજ્ઞાન અને સાહિત્ય આદિ વિષયોની જાણવાયોગ્ય વાનગીઓ પણ આપ્યે જ રાખી છે. આ માસિકને આથીયે વધુ સમૃદ્ધ સાહિત્ય અને વધુ પૃષ્ઠોનું વાચન આપવાનો અમારો ઈરાદો હોવા છતાં અમારી આર્થિક મર્યાદાઓના કારણે અમારે વિવશ બનવું પડે છે. એટલું જ નહિ કેટલીક વખત તો પ્રતિમાસે આ માસિક પ્રગટ કરવાને બદલે સંયુક્ત અંકરૂપે—બે મહિને પ્રગટ કરવું પડે છે; એ અમારે સ્પષ્ટ કહેવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેલ્લાં કેટલાંક વર્ષોની ચાલુ મોંઘવારીથી સમિતિ વાર્ષિક ખર્ચને પહોંચી શકતી નથી ત્યારે એના પગભર થવાની તો વાત જ શી કરવી? સમાજને અમે આ વિશે વારંવાર વિનંતી કરી છે અને તેનો અમુક પ્રમાણમાં જવાબ મળવા છતાં અમે આર્થિક ચિંતામાંથી મુક્ત થયા નથી. પણ અત્યારે તો ભારે આર્થિક મુંઝવણ અનુભવી રહ્યા છીએ, એટલું નમ્રભાવે જણાવવાની રજા લઈએ છીએ. આથી અમે આ પર્યુષણાપર્વ પ્રસંગે તે તે સ્થળે વિરાજતા આચાર્યાદિ મુનિવરોને તે તે સ્થળના જૈન સંઘને સારી એવી મદદ આપવાનો ઉપદેશ કરવાની વિનંતિ કરીએ છીએ. એ ઉપદેશ જ પરંપરાએ ઘણા પ્રદેશોનાં પહોંચી શકશે અને સાધુસંમેલનની સ્મૃતિનું આ શુભ ચિહ્ન અખંડિત બની રહેશે એવી અમારી આશા છે.

આવા પર્વપ્રસંગે પૂજ્ય આચાર્યાદિ મુનિવરો અમારી વિનંતીને ધ્યાનમાં નહિ લે તો સમિતિ આ માસિકને શી રીતે ચાલુ રાખી શકશે એ મુંઝવણ ઊભી થયા વગર રહેવાની નથી. અને એમ થશે તો એ બીના સ્થિતિસંપન્ન જૈન સંઘને શોભાદાયક નહિ ગણાય.

ટૂંકમાં—અમારી આ વિનંતીને સાર્થક કરે એની આર્થિક મદદ પ્રત્યેક સ્થળોના શ્રીસંઘો મોકલી આપે એવી અમે આશા રાખીએ છીએ. —સંપાદક

[ અનુસંધાનઃ પૃષ્ઠ : ૧૮૨થી ચાલુ ]

વહેતા કરવા તો આનંદઘનનો પ્રત્યક્ષ સંગ જોઈએ; જીવતી હાજરી જોઈએ. એવો અનુભવ મળ્યા પછી આનંદઘનજીનું સાધુપણામાંથી મન ઊતરી ગયું. સાધુને જેમ ગૃહસ્થજીવન સાંકડુ પડે છે તેમ આનંદઘનજીને સાધુજીવન સાંકડું પડયું. કારણ, અનુભવ થઈ ચૂક્યો હતો. જ્યોતમાં જ્યોત મળી ગઈ એટલે સાધુપણું પણ તેમને બાહ્ય થઈ પડયું. આથી જ તેઓએ ગાયું—" આનન્દઘન પ્રભુ પરચો પાયો, ઉતર ગયો દિલ ભેખા."— આનન્દઘન પ્રભુનો પરિચય થયા પછી સાધુનો ભેખ લીધો તેમાંથીયે મન ઊતરી ગયું.

આવા આનન્દઘનનું વર્ણન નહિ, સ્તુતિ જ થાય એમ ઉપાધ્યાયજીને લાગ્યું ને તેમણે અષ્ટપદી લખી. આબુની આસપાસ શ્રી યશોવિજયજીએ એ મહાયોગીને જતાં જોયા ને ગાયું:


" મારગ ચલત ચલત ગાત આનન્દઘન પ્યારે,
રહત આનન્દ ભરપુર,
તાકો સ્વરૂપ ત્રિહુ લોક થેં ન્યારો.

—માર્ગમાં ગાતાં ગાતાં આનન્દઘન ચાલ્યા જાય છે. મુખ પર નૂર છે, આનન્દથી ભરપુર છે. ત્રણે લોકથી જૂદું જ તેમનું સ્વરૂપ છે. એ અષ્ટપદીના આનન્દઘનજીને યાદ કરીએ છીએ ત્યારે તેઓ મેડતામાં કાળધર્મ પામ્યા એ હકીકત મનાતી નથી.

એ ચિદાનંદ યુગલની આપણા સૌના હાડમાંસમાં પ્રાણપ્રતિષ્ઠા કરીએ એ જ આનંદઘનજીને સાચી અંજલિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રાજગૃહમાં પ્રાચીન જૈન સામગ્રી

લેખકઃ—શ્રીયુત અદ્રીશચંદ્ર વંદ્યોપાધ્યાય

[પુરાતત્ત્વના દર્શનિક પુરાવાઓ અને અનુશ્રુતિઓમાંથી ઇતિહાસ ફલિત કરવાનું કાર્ય ગંભીર અનુશીલન અને સતર્ક ગવેષણાની અપેક્ષા રાખે છે. એ દિશામાં બંગાલી વિદ્વાન શ્રી. અદ્રીશચંદ્ર વંદ્યોપાધ્યાયનો આ લેખ એક સફળ પ્રયાસ છે. તેમણે ભારતીય ઇતિહાસમાં પાયાની ભૂલ તરીકે ચીની યાત્રાઓનાં બૌદ્ધો વિશેનાં અનુરંજિત વર્ણનો વિશે સંકેત કરતાં તેને વિવેકથી અપનાવવાની ઇતિહાસના વિદ્વાનોને સલાહ આપી છે. તેમ કરતાં તેમણે, જૈનોએ પોતાનાં જે પુરાતન પવિત્ર સ્થળોને વીસારી દીધાં છે, તેનું સ્મરણ કરાવ્યું છે. રાજગૃહની પહાડી ઉપરનું ગિજ્ઝકૂટ, સારનાથનું મૃગદાવ વન, ગયાનું પવિત્ર સ્થળ, ગુણશિલ અને નાલંદાનાં સ્થાનો વિશે જે સૂચન કર્યું છે તે તરફ જૈનોએ લક્ષ આપવાની જરૂરત છે. જૈનોની કોઈ સંસ્થા આવાં સ્થળોમાં ખોદકામ કરાવી બંગાળના આવા વિશિષ્ટ વિદ્વાનોનો સાથ લે તો ભારતની એક મૌલિક સંસ્કૃતિનો સત્ય ઇતિહાસ પ્રગટ થઈ શકે અને અત્યાર સુધીની તથાકથિત ઐતિહાસિક માન્યતાઓને ધરમૂળથી ફેરવવાની ફરજ પડે. સમયની આ માગને કોઈ જૈન સંસ્થા વધાવી લે એટલું અમે ઇચ્છીએ.]—**સંપાદક.**

**ભા**રતના કોઈ પણ તીર્થસ્થળનો નિર્ણય કરવામાં આપણે જે સૌથી વધારે ભયંકર ભૂલો કરી છે, તેમાંની એક એ છે કે, આપણે બૌદ્ધધર્મને અતિશયોક્તિપૂર્ણ મહત્તા આપી છે. અશોક તેમજ અશ્રાંત ચીની યાત્રીઓ અને તેમનાં વિવરણોના પ્રભાવથી બીજા ધર્મોનો તે તીર્થો ઉપરથી અધિકાર જ ઊઠી ગયો હોય એમ દેખાય છે. મિગદાવ (સારનાથ)ના રક્ષિત મૃગ ઉદ્યાનની પ્રાચીનતા એથીયે વધુ આગળ જઈ શકે છે; એ તથ્ય તર્કની કસોટી પર કદી પણ કસવામાં આવ્યું નથી. ગયાનું બોધિવૃક્ષ બુદ્ધની ધ્યાન સાધનાથી પૂર્વે પણ પવિત્ર મનાતું હતું. પ્રાચીન જૈન ગ્રંથોના વિવરણ, જે આધુનિક અન્વેષકોને પ્રામાણ્ય નહોતાં એ હકીકત કંઈક અંશે આ ઉપેક્ષાની ઉત્તરદાયી છે. ઉદાહરણ સ્વરૂપ 'પૌમાચાર્ય' (પઉમચરિય)માં વર્ણિત તક્ષશિલાના વિવરણની વાત જ લઈએ; જેની પુષ્ટિ, એક દાયકાથી પણ પૂર્વે તે સ્થાનના સર જૉન માર્શલ દ્વારા કરાયેલા ખોદકામથી બહુ જ થોડી થઈ શકી છે, તોપણ મથુરામાં જૈન સ્તૂપની વિદ્યમાનતા તથા શક-કુષાણકાળના પથ્થરો પર કોરેલી જૈન મૂર્તિઓની વધુ સંખ્યામાં પ્રાપ્તિ તેમના સત્ત્વોની કંઈક ઐતિહાસિકતાને નિઃસંદેહ પ્રમાણિત કરે છે.

એમાં સંદેહ નથી કે બૌદ્ધધર્મ કરતાં જૈનધર્મની પ્રાચીન સામગ્રી અધિક છે. જો ગૌતમ ઐતિહાસિક વ્યક્તિ હતા તો તેમની માફક મહાવીર પણ ઐતિહાસિક વ્યક્તિ હતા. એ કરતાં યે પુષ્ટ પ્રમાણ પુરાતત્ત્વનાં છે; જે નિર્દેશ કરે છે કે, બૌદ્ધધર્મના ઉત્થાન પહેલાં ભારતનો પૂર્વી ભાગ, જેમાં મગધ, સંયુક્ત બંગ અને ઉડિસા સંમિલિત છે, તેમાં જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધારણમાં જૈનધર્મનો પ્રચાર હતો.[૧] એ પ્રચાર બૌદ્ધધર્મના પ્રભાવથી જતો રહ્યો. આ સિદ્ધાંત સ્વીકારવાની સાથે ગૌતમ ઐતિહાસિક વ્યક્તિ હતા એનાં કંઈક સ્વયંસિદ્ધ પ્રમાણ આપમેળે ઉપસ્થિત થાય છે. તેમાં સૌથી પ્રથમ તેમના સમકાલીન વ્યક્તિઓ છે. નિઃસંદેહ એ છે મહાવીર અને ગોશાળ. બીજી વાત એ છે કે બુદ્ધની ધર્મચર્ચાઓ અને ઉપદેશોમાં આપણે એ પ્રતિદ્વંદી ધર્મોનો ઉલ્લેખ જોઈએ છીએ કે જેમના ધાર્મિક ઉપદેશ-વાક્યોનું ખંડન કરીને તે પોતાના ધર્મની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરવા ઈચ્છે છે. એનું પરિણામ એ છે કે, તે ધર્મો અને દર્શનોની પ્રાચીનતા પ્રમાણિત થાય છે.

આપણને સાતમા બુદ્ધ ગૌતમની શિક્ષાઓમાં ક્યાંઈ પણ તીર્થિકો અથવા જૈન પ્રત્યે ઓછો ઉપેક્ષાભાવ દૃષ્ટિગોચર નથી થતો. 'મજ્ઝિમનિકાય'નું[૨] એક ઉદાહરણ પ્રદર્શિત કરે છે કે, બુદ્ધને નિર્ગ્રંથોનું અભિજ્ઞાન હતું; જે પાલી સાહિત્યમાં જૈનોનું બીજું નામ છે. ગૌતમના ધર્મપ્રચાર સંબંધી જીવનક્રમમાં શ્રીગુપ્તની ઘટનાનું વર્ણન કરતાં 'અવદાન કલ્પલતા'માં લખ્યું છે કે, તેમના આચાર્ય એક જૈન હતા. જો મહાપુરુષોના જીવન સાથે સંબંધ રાખનારી પૌરાણિક કથાઓ પર વિશ્વાસ કરવામાં આવે તો શ્રાવસ્તીનો ચમત્કાર બીજો સાક્ષી છે.

સ્વર્ગીય ડૉ. એ. બી. કીથે લખ્યું છે કે આ (નિર્ગ્રંથો)માં કંઈક સમાનતા છે; આ બધા 'સમન' (શ્રમણ) અર્થાત્ કંઈક અંશે ત્યાગી (ascetics) છે અને જૈનોની માફક જેમના નેતા જ્ઞાતવંશ (નાથવંશ યા નાતવંશ, વસ્તુતઃ જ્ઞાતવંશ)ના નિગંઠ છે, તેમની વિશેષતા છે, જેમને બુદ્ધ પ્રતિદ્વંદી સમજતા હતા.[૩] જો ગૌતમ અને મહાવીર બંનેને સમકાલીન માની લેવામાં આવે તો આપણે પહેલાંના તેવીશ બીજા તીર્થંકરોને પૂર્વવર્તી માનવા જ પડશે. એ પ્રકારે જૈનધર્મની સર્વાધિક પ્રાચીનતા પ્રમાણિત થઈ ગઈ. હવે એ સ્વીકાર કરવામાં કોઈ અડચણ નથી કે પૂર્વીય ભારતના પ્રાચીનતમ મુખ્ય નગર રાજગૃહે પર્વતમાળાઓથી વેષ્ટિત પોતાના હૃદયમાં જૈનધર્મને અવશ્ય ધારણ કર્યો હશે.

એ કેવી વાત છે કે, કેટલાંક અર્વાચીન જૈન મંદિરો અને સોન ભંડારથી અતિરિક્ત, જેને ભૂલથી ગુપ્તકાલીન બતાવવામાં આવ્યાં છે તે જૈનોના વાસ્તવિક અવશેષોને માગધોના ગિરિવ્રજ અથવા તેની પાસે શોધવામાં આવ્યાં નથી, જ્યારે પ્રતિપક્ષી ધર્મના અનુયાયીઓ તેમની સામે અકડતા એકાંત ગિજ્ઝકૂટના કહેવાતા અજાતશત્રુ સ્તૂપને અનિશ્ચિત સત્તપન્નીના પહાડી ચબુતરાનું અવશેષ બતાવે છે એનો ઉત્તર તો જનસાધારણની વિસ્મરણશીલ પ્રવૃત્તિ છે, જે સત્યને લોકપ્રચલિત કથા બનાવી દે છે.

શ્રદ્ધાળુ ચીની યાત્રીઓના અતિશયોક્તિપૂર્ણ સાધિકાર વિવરણો પૂર્ણતઃ અવિશ્વસનીય જનશ્રુતિઓના આધાર પર છે. આપણી ઐતિહાસિક પદ્ધતિની એક ખોડની ચર્ચા મેં હંમેશાં કરી છે. આપણે ચીની યાત્રીઓનાં વિવરણોના સાધનોને સમજ્યા–બુઝ્યા વિના સાચાં માની લીધાં છે. તેમની યાત્રાની વાસ્તવિક તિથિઓના નિર્ણયમાં પણ એક મોટી બાધા છે.

૧. તુલના કરો—મારો નિબંધ "ટ્રેસીસ ઑફ જૈનીઝમ ઈન બેંગાલ"

૨. ખંડઃ ૧, પૃષ્ઠઃ ૯૨

૩. એ. બી. કીથ—"બુદ્ધિસ્ટ ફિલોસોફી" ઑક્સફર્ડ ૧૯૨૩, પૃષ્ઠ : ૧૩૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક જનશ્રુતિઓની સત્યતા સ્વીકારી લેવા છતાં આપણને એ વિશ્વાસ કરવાનાં પર્યાપ્ત પ્રમાણો છે કે, જો એક વાર કોઈ પણ સ્થાનને ધાર્મિક મહત્ત્વ મળી જાય તો એ સ્થાનની સમગ્ર જનતા બલાત્ ધર્મપરિવર્તન અથવા એ દેશમાં નવી જાતિ (ethmic stock) વસી જતાંયે તેનું મહત્ત્વ બન્યું રહે છે. ઉદાહરણને માટે મખદુમકુંડ, જે નિશ્ચયથી દેવદત્તની સમાધિગુફા છે, એ એનું પ્રમાણ છે. મેક એલિસ્ટર (Mac Alister)ના કથનાનુસાર જેરૂસલેમનો પર્વત હિબ્રુઓનું પવિત્ર સ્થાન બનવા પહેલાંથી જ પવિત્ર સ્થાન માનવામાં આવતું હતું.[૪] ભૂમિ ખસી જતાં બનેલી મખદુમકુંડની ગુફાના સંબંધમાં બીજી પણ કેટલીયે જનશ્રુતિઓ છે; જેનાથી મનુષ્ય આશ્ચર્યચકિત બની રહે છે. શાક્ય રાજકુમાર, જેણે માનવજાતિની મુક્તિને માટે રાજ્યનો પરિત્યાગ કરી દીધો હતો, તેના ઈર્ષ્યાળુ પિતરાઈ ભાઈ (દેવદત્ત)ની સમાધિ બની તે પૂર્વે પણ આ સ્થાન કેટલાયે વિભિન્ન મતો અને વિધિઓનું સાક્ષી રહ્યું છે.

અન્યત્ર મેં ચીની યાત્રી હ્યુએનત્સાંગ(Hiuentsang)ની ઐતિહાસિક ભૂલો બતાવી છે.[૫] એક દાયકાથીયે પહેલાં ડી. એન. સેને એ જ પ્રકારે ચેતવણી આપી હતી 'દીઘનિકાય'ની અંતર્ગત 'સમણફલસુત્ત' અત્યંત પ્રાચીન છે અને ચીની યાત્રીઓના વિવરણની અપેક્ષાએ તેની પ્રામાણિકના અધિક માન્ય છે, જેમાં સૌથી પહેલો, બુદ્ધના મૃત્યુ પછી એક હજાર વર્ષ પછી ભારતભ્રમણને માટે આવ્યો હતો. ચીની યાત્રીઓને જનશ્રુતિઓ યુક્ત સ્થાનીય પરંપરા પર નિર્ભર રહેવું પડતું હતું, જેનું પરિણામ એ હતું કે તેમણે પણ તેવા જ પ્રકારની ભૂલો કરી; જેવું તેમણે પ્રથમ બૌદ્ધસભા (First Council) ના વિષયમાં લખ્યું હતું.[૬] સ્થાનીય ધાર્મિક જનશ્રુતિઓની વિશ્વસનીયતાનું પ્રમાણ મને બિહાર સરકારના ગૃહવિભાગની સભાના સચિવ શ્રી. એન. પી. મુખરજીના નાલંદાના વિવરણથી સને ૧૯૪૮ માં પ્રાપ્ત થયું હતું. પોતાની બાલ્યાવસ્થામાં, વીસમી શતાબ્દીના પ્રારંભમાં જ્યારે તેમણે નાલંદાની યાત્રા કરી હતી ત્યારે ત્યાંની આસપાસના લોકોએ તેમને બૌદ્ધ મઠો અને વિહારોના ટીલા (ટેકારા)ઓ તરફ સંકેત કરીને બતાવ્યું હતું કે આ સ્થાન પર રુક્મણીનું હરણ થયું હતું. જો આ (સ્થાન) ચીનમાં હોત તો કેવી રીતે એક ભારતીય યાત્રીનું કથન અથવા બીજા સ્થાનોના ભગ્નાવશેષોને 'મહાભારત' સાથે સંબંધિત દશ્યોનું પડોશી બનાવવાનું ઉચિત સમજાત ? આ પ્રકારનાં ઉદાહરણોની ખોડ નથી. આનાથી એ પ્રમાણિત થાય છે કે બૌદ્ધોએ પાછળથી જ જૈનોના પ્રાચીનતર અવશેષો ઉપર પોતાના સ્તૂપો અથવા વિહાર બનાવી લીધા છે. મધ્યપ્રાંતના પહાડપુરમાંથી પ્રાપ્ત અભિલેખથી પ્રમાણિત થાય છે કે ધર્મપાલદેવે પ્રાચીન જૈન સ્થાન પર સોમપુર વિહારની ૧૫૯ ઈ. ઈ. માં[૭] સ્થાપના કરી હતી. એથી જ સ્તૂપ (વિશેષતયા અજાતશત્રુ સ્તૂપ)નું ભવન યા સ્થળ હોવું એ જૈનોને માટે પવિત્ર હતું; જેને આગળ ઉપર બૌદ્ધોએ પોતાનું કહીને અપનાવી લીધું, એ સંભવ પ્રતીત થાય છે.

---

૪. આર. એ. એસ. મેક એલિસ્ટર—"એ સેન્ચ્યુરી ઓફ એસ્કેવેશન ઇન પેલેસ્ટાઇન."
૫. "જર્નલ ઓફ ધી આન્ધ્ર હિસ્ટોરિકલ રિસર્ચ સોસાયટી" જિલ્દ : ૫.
૬. ડી. એન. સેન—"જર્નલ ઓફ બિહાર એન્ડ ઉડિસા રિસર્ચ સોસાયટી" જિલ્દ : ૪, પૃ. ૧૩૩
૭. એમ. એ. એસ. આઈ. સં. ૫૫. પૃ. ૭૩—ઇ. આઈ. જિલ્દ : ૧૯, પૃ. ૫૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ગુણશિલા' ચૈત્ય શ્વેતાંબર જૈનો માટે બૌદ્ધોના ગૃધ્રકૂટની માફક જ પવિત્ર છે, 'કલ્પસૂત્ર' અનુસાર અંતિમ જૈન તીર્થંકર મહાવીરે આ સ્થાન, જે રાજગૃહ અથવા તેની પાસે છે, તેમાં કેટલાંયે વર્ષો સુધી નિવાસ કર્યો હતો. પ્રાકૃત 'ઉગાસગદસાઓ' ગુણશિલાનું સ્થાન 'બાહિકા' ને નિર્ધારિત કરે છે.[૮] મહાકાવ્યોમાં ચૈત્યવૃક્ષ પૂજનનું સ્થાન બતાવેલું છે, જે ચાલકૌલિથિક યુગથી ભારતીય સંસ્કૃતિની વિશેષતા રહ્યું છે. સ્વર્ગીય રા૦ બ૦ આર૦ ચંદે જે પરવર્તી જૈન સૂત્રનો સંકેત કર્યો છે, તેનાથી આ પરંપરાની પુષ્ટિ થાય છે. એ જ રીતે શ્રી. હેમચંદ્રસૂરિકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' અનુસાર ગુણશિલા ચૈત્યનું સ્થાન 'વૃક્ષોપશોભિતમ્' હતું.[૯] નાલંદામાં મંદિરના સ્થાને ચૈત્યની સ્થિતિ નિર્ધારિત કરાતી જોઈને આશ્ચર્ય થાય છે. યથાર્થ રીતે એ વિહાર સ્થાન છે. પરવર્તી જૈન અનુશ્રુતિઓ 'ઉવાસગદસાઓ'નું ખંડન કરતી પ્રતીત થાય છે; કેમકે 'ભગવતીપુરાણ'[૧૦] ગુણશિલાની સ્થિતિ રાજગૃહમાં જ બતાવે છે. શ્રી. હેમચંદ્રપ્રણીત 'સ્થવિરાવલિચરિત'માં ગુણશિલાનો ઉલ્લેખ રાજગૃહની અંતર્ગત જ (અભ્યારણ્ણે) થયો છે.[૧૧] દિગંબર 'ઉત્તરપુરાણ'[૧૨]માં વિપુલ પહાડીનો ઉલ્લેખ મહાવીરના સ્થાયી આવાસરૂપે કર્યો છે. શ્વેતાંબર-સૂત્ર ગુણશિલાનું સ્થાન રાજગૃહની ઉત્તર-પૂર્વ બતલાવે છે; જે વિપુલ પહાડીનું સ્થાન છે.

'મહાભારત'માં ગિરિવ્રજને આવૃત કરનારી પાંચ પહાડીઓની બે સૂચીઓમાં 'ચૈત્યક' નામક એક શિખરનો ઉલ્લેખ છે, જેને સ્વર્ગીય રા૦ બ૦ ચંદે[૧૩] 'વિપુલ'થી અભિન્ન માન્યું છે, જે ઠીક પણ છે. આથી પટણા જિલ્લાના બિહાર સબડિવીજનના એસબક પરગણાનું આધુનિક ગુણાયા ગામ ગુણશિલાનું સ્થાન બની શકતું નથી. ડો. વિમલચરણ લોએ ઇસિગિલ્લીની પાસે 'કાલશિલા' ચટ્ટાણને 'ગુણશિલા' માન્યું છે, જ્યાં નિર્ગ્રંથ યતિઓ તપ કરતા જોવાયા હતા. પરંતુ ઉપલક દૃષ્ટિથી પણ એ અવિશ્વસનીય છે; કેમકે 'કાલશિલા' ચટ્ટાણ છે અને 'ગુણશિલા' ચૈત્ય છે.

ઈ. સ ની સાતમી શતાબ્દીના ત્રીજા દાયકામાં હુએનત્સાંગે વૈભાર પર જૈન સાધુઓનો આવાસ હોવાનું પ્રમાણિત કર્યું છે. સ્વ. રા. બ. આર. ચંદે વિપુલગિરિને વૈભાર માની ગરબડ કરી દીધી છે.[૧૪] કેવળ પ્રિન્સિપાલ ડી. એન. સેને આ વિખ્યાત યાત્રીના ભ્રમાત્મક વિવરણનું ક્રમબદ્ધરૂપે અધ્યયન કર્યું છે. હુએનત્સાંગ બતાવે છે કે પાર્વત્ય નગરના ઉત્તરી દરવાજાથી પશ્ચિમ તરફ પી-પુ-લો પર્વત હતો. આ પર્વત ગિરિવ્રજના ઉત્તરી દરવાજાની પશ્ચિમ તરફ નથી પ્રત્યુત વિરુદ્ધ દિશામાં છે.

હુએનત્સાંગે ઉલ્લિખિત વિપુલના દક્ષિણી-પશ્ચિમી ઢાળની ઉત્તરના ઉષ્ણસ્રોત વિપુલ પર્વતની પશ્ચિમ દિશામાં છે. જો આ અનુવાદને મૂળ પુસ્તકનું શુદ્ધરૂપ માનવામાં આવે

૮. એમ. એ. એસ. આઇ.

૯. પર્વ: ૧૦, શ્લો. ૬૩૬૩

૧૦. ૨-૨-ઇત્યાદિ.

૧૧. ૧-૨૯.

૧૨. લીલારામ જૈન-ઉત્તરપુરાણ V. S. ૧૯૩૫

૧૩-૧૪. એ. આર. એ. એસ. આઇ. ૧૯૨૫ ૨૬; પૃ. ૨૨૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો એક મોટી બાધા ઉપસ્થિત થાય છે, અર્થાત્ 'પિપ્પલ ગુહા' ઉષ્ણસ્રોત જે મોટી સંખ્યામાં વૈભાર પહાડીથી થોડે દૂર ઉત્તર-પૂર્વમાં સ્થિત છે,[૧૫] તે બરાબર પશ્ચિમમાં નથી થઈ શકતા. સ્વ૦ રા૦ બ૦ આર. ચંદ જેવા અત્યંત સતર્ક લેખકે પણ ત્યાં, જ્યાં તેમણે વિપુલ પહાડી પર (જ્યાં જ્યાં જૈન મુનિ ઘોર તપ કરતા જોવાતા હતા) સ્તૂપનું સ્થાન માન્યું છે, એ નિર્ણય કરવામાં ભૂલ કરી છે. આ સ્તૂપ વૈભાર પહાડી પર હતો જ્યાં દેવદત્તની ગુફાની સાથોસાથ વિપુલ બતાવવામાં આવ્યો. આથી સાતમી શતાબ્દી સુધી અધિકથી અધિક વૈભાર પહાડી ઉપર જૈનોનો પવિત્ર સ્તૂપ હતો, જે સંભવતઃ એ જ સૂચિત કરતો હતો, જ્યાં પર 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' માં મહાવીરના વાસનો ઉલ્લેખ કર્યો છે.[૧૭]

વૈભાર પહાડી પર જૈનધર્મની પૂજાના સ્થાનનું અસ્તિત્વ ઓછામાં ઓછું ગુપ્તકાળમાં પ્રત્યક્ષરૂપે કાળાભૂરા પથ્થર પર ખોદેલી બાવીસમા તીર્થંકર શ્રીનેમનાથની મૂર્તિથી સિદ્ધ થઈ જાય છે. મગધમાં પ્રાપ્ત સર્વાધિક પ્રાચીન જૈન મૂર્તિઓમાંની આ એક છે. બૌદ્ધ ભિક્ષુઓની પ્રથમ મહાસભાથી અમરત્વ પ્રાપ્ત એ પહાડી ઉપર જૈન પવિત્ર સ્થાનોનું બીજું પ્રમાણ ઉપર્યુક્ત ભગ્ન મંદિરની પાસે ત્રણ બીજી જૈન મૂર્તિઓવાળો ઈટનો ઘેરાવો છે. આ ઘેરાવાની દીવાલો પર ગોખલાઓમાં જૈન મૂર્તિઓ હતી. વસ્તુતઃ માગધ શિલ્પકળામાં, મૂળરૂપે દીવાલોની સપાટી પર ગોખલાઓમાં મૂર્તિઓના સમૂહનું પ્રદર્શન કરી મૂર્તિઓની ગેલેરી (કળાભવન) સ્થાપન કરવાની સુંદર રીત હતી. એ રીતિ મનિયાર મઠ, સોનભંડાર ગુફા અને નાલંદાના મંદિર સંખ્યા: ૩ (No. III) માં જોવાલાયક છે.

સોનભંડારની પહેલાંની ખોદાઈમાં જૈનો દ્વારા અને પાછળથી કરવામાં આવેલા ઉપયોગનું સ્વયં એક ઉદાહરણ છે. એમાં સંદેહ નથી કે, તેના વર્તમાન શિલાલેખની લિપિ ગુપ્તકાલીન અથવા ઉત્તર ભારતની નાગરી લિપિ છે; પરંતુ તેની કારીગરી, ખાસ કરીને ચમકદાર પોલીસ, મૌર્યયુગની યાદ અપાવે છે, જ્યારે અર્ધ વૃત્તાકાર ઢાલ લોમશ ઋષિનું સ્મારક ગયા જિલ્લાના બરાબરમાં સ્થિત છે. એ ઘણું સંભવિત છે કે ઘોષણાવાળા અશોક સ્તંભ, મૌર્યકાલીન બર્મિકા અને સારનાથમાં રહેલ modelithic staircase અર્થાત્ એક જ પથ્થરથી બનેલી નિસરણીની માફક (સર્વાસ્તિવાદીઓના સિદ્ધાન્તથી મુક્ત) આ ગુફા ઉત્તર મૌર્યકાળમાં જૈનોને માટે ખોદવામાં આવી હતી અને પાછળથી તેના ઉપર શિલાલેખો લખવામાં આવ્યા. રાજગૃહની સપાટી પરના પ્રાચીન ઢાંચાઓ અને તેની અંદરના ટીલાઓના વર્ણનમાં સંતુલન કરવા માટે સંશોધન કરવાનું આવશ્યક બન્યું છે સ્વર્ગીય રા. બ. દયારામ સહાનીએ તથાકથિત મૌર્યયુગની ઈંટોની બખોલમાંથી જે એક મધ્યકાલીન જૈન મૂર્તિ પ્રાપ્ત કરી છે, તે અમને પૂર્ણ સતર્ક કરી શકી નથી.

[ જૈન ભારતી : વર્ષ : ૧૨, અંક : ૨ માંથી સાભાર અનુવાદિત ]

---

૧૫. "રાજગિર એન્ડ ઈટ્સ્ નેબરહુડ" પૃ. ૨૫-૨૬

૧૬. એ. આર. એ. એસ. આઇ. ૧૯૨૫-૨૬ પૃ. ૧૨૩. મને રાખાલદાસ બેનરજી, ડૉ. કાશીપ્રસાદ જયસવાલ અને ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરને કામ કરતાં જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું જેમાં શ્રી. ચંદ અને ડૉ. ભાંડારક અધિક પરિશ્રમી હતા.

૧૭. એ જ પુસ્તક, પર્વ : ૧૦, શ્લોક ૧૦, પૃ૦ ૧૪૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ આનંદઘનજી મહારાજ

લેખક :–શ્રીયુત વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ. બી. એ.

**શ્રીમદ્ આનંદઘનજી** મહારાજ એ કોઈ વિશ્વ ઇતિહાસની નામાંકિત વ્યક્તિ નથી. એ કોઈ રંગદર્શી કવિ કે શ્રુતપાઠી પંડિત નથી. નથી એ વિચક્ષણ લોકનાયક કે પ્રખર કર્મયોગી. એ તો છે ઋષભદેવ પ્રીતમની પ્રેયસી. એ સાજનની સજની. એ કંથની કાન્તા. શુદ્ધચેતનાની શોધમાં ગાવું ને રોવું એ તેમનું પ્રધાન જીવન–કાર્ય. પ્રેમની વાણી જેવાં મૂક આંસુઓ વહેવડાવવા એ તેમની જીવનકળા હતી. જેઓએ આનંદઘનજીના પદો આબુ કે ગિરનાર પર ગાયાં છે તેઓ જાણે છે કે આનંદઘનનો પ્રેમ એ હૃદયનો રોગ નથી, મગજની નબળાઈ નથી પણ જીવનનો વિકાસ છે; સ્વભાવની જાગૃતિ છે. એ પ્રેમ કોઈ વૈષયિક પ્રેમ કે અહંપ્રેમ નહોતો પણ શુદ્ધ પ્રેમ હતો. આથી જ તેમના પ્રેમાશ્રુમાં પ્રચંડ આત્મશક્તિની છાયા મનાઈ છે—તેમની ભક્તિમાં વીરતાનું તત્ત્વ સચવાયું છે.

એ આનંદઘનજીનો ચોક્કસ જન્મદિન કે જન્મસ્થળ મળી આવતાં નથી તેઓએ રચેલ પદાદિ કૃતિઓમાં વપરાયેલ ભાષાના શબ્દો પરથી તેમનું જન્મસ્થળ કેટલાકોએ ગુજરાત નક્કી કર્યું છે. તેમનો હયાતિકાળ અઢારમા સૈકાના પૂર્વભાગમાં ગણાય છે પણ એ બધું આનંદઘનનું સ્થૂલ મૂલ્યાંકન છે. તેનું બહુ મહત્ત્વ નથી. ખરી રીતે તો જેઓ આત્મ–સુખ સમજવાને મેળવવાના પ્રયત્નો કરે છે તેઓ, તેમના જીવનનું સાચું દર્શન પામે છે. જે મહાપુરુષ જન્મમરણથી નાસી છુટવા માગતા હતા તેમની જ જન્મમરણ તારીખ કે સ્થળ નક્કી કરવા તાર્કિક દલીલો ઊઠાવવાની જરૂર નથી. છતાં આધ્યાત્મિક દૃષ્ટિએ તેમના જન્મનું સ્થળ ને તારીખ મળી આવે છે. જ્યાં જ્યાં આ વિશાળ પૃથ્વી પરના કોઈ પણ એકાદ ખૂણે એકાદ પણ વીર ઈંદ્રિયારામી મટી આત્મારામી બને છે ત્યાં ત્યાં ને તે કાળે એકાદ આનંદઘન જન્મે છે. આનંદઘનનું સાચું જન્મસ્થળ ને જન્મદિન ત્યાં જ છે. આપણે આવી આધ્યાત્મિક દૃષ્ટિએ જ આનંદઘનજીનું મૂલ્ય ઘટાવવું જોઇએ. કારણ કે આનંદઘનજી પોતે પોતાને પણ એ આધ્યાત્મિક દૃષ્ટિએ જ સમજવા પ્રયત્નો કરતા તેઓ એ દૃષ્ટિએ જ જીવવું પસંદ કરતા, ને બીજી બધી દૃષ્ટિઓએ મરવું પસંદ કરતા, આધ્યાત્મિક સિવાયની બીજી દૃષ્ટિઓએ આનંદઘનને સમજવા પ્રયત્નો કરવા તે પુનિત દેવપ્રતિમાને ગંદા હાથેએ સ્પર્શવા જેવું છે.

એ મહાયોગી એક પદમાં * પોતાના અંતરંગ કુટુંબપરિવારની ઓળખાણ આપે છે. એ પદમાં તેઓ જણાવે છે કે મારા માતાપિતા, ભાઈભગિની, ગર્ભગોત્ર વગેરે સઘળુંક આનન્દઘન છે. એ પદમાં વર્ણવેલ સંબંધો એ કોઈ સંસારી અવસ્થાના ક્ષણિક સંબંધો નથી. એમાં તો અંતરની પ્રેમસૃષ્ટિના પ્રધાન પાત્ર-આત્માનું જ કાવ્યમય દર્શન છે. એ

* મેરે પ્રાન આનન્દઘન તાન આનન્દઘન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમસૃષ્ટિમાં પ્રિયને પ્રિયાના સગપણ સિવાયનું બીજું સઘળું જૂઠું બની ગયું છે. ઇતિહાસકારો આવી સૂક્ષ્મ ઓળખાણથી અકળાશે, પણ આનંદઘનજીનું જીવન એ કાંઈ ઇતિહાસના સ્થૂળ આંકડાની જ નોંધ નથી. એ તો સમસ્ત બ્રહ્માંડને રોમાંચક ધ્રુજારીઓ પહોંચાડતું એક અમર પ્રેમકાવ્ય છે. એમાં દુનિયાના સંબંધોની સ્થૂલ ગણતરી કામ આવતી નથી. આનંદઘનના સર્વ સંબંધો કેવળ આનન્દના સમૂહરૂપ આત્મામાં પૂર્ણ વિરામ પામે છે.

તેઓએ તપાગચ્છીય સાધુ પાસે દીક્ષા લીધેલી ને તેમનું નામ લાભાનન્દ રાખવામાં આવેલું. સાધુજીવનના ઉગ્ર યમનિયમો તેમની કોમળ પ્રેમસાધનામાં વિધિરૂપ ન થયા પણ અનુરૂપ થયા તેમાં જ તેઓની ખરી મહત્તા છે. ટાઢ–તડકો હોય; ક્ષુધા-તૃષ્ણાની સતામણી હોય; શરીરે મેલ બાઝ્યો હોય, વસ્ત્રો જીર્ણ થયાં હોય; કોઈ આવીને આક્રોશ, વધ કે તાડન કરે–એ સર્વ વિષમ સંજોગોની કડવાશ પણ તેમની પ્રેમસાધનાને વધુ ને વધુ મધુર બનાવતી. ટાગોરની અધ્યાત્મકથાની રાણી સુરંગમા કહે છે કે—" The very vilterness of all these gives me his compans " આ બધી કડવાશ જ મને તેમનું સાનિધ્ય અપાવે છે. આનંદઘનજીનું પણ તેમજ થયું.

તેઓનો હયાતિકાળ આત્માર્થીની યોગસાધનામાં વિધિરૂપ હતો. ધર્મના વિષયમાં એકાદ પણ સ્વતંત્ર વિચાર પાપરૂપ લાગતો. ઉપાધ્યાય યશોવિજયજી જેવા પણ જો ઊંડા ભાવવાળું સ્તવન રચે તો તેમને અપાસરાની અંધારી ઓરડીમાં અઢાર દિવસ પુરાઈ રહેવું પડતું. ધાર્મિકવગ વસ્તુના મૂળ સુધી પહોંચી અન્તિમ સત્યને મેળવવાને બદલે એકાંગી વિચારણામાં સપડાયો હતો. હૃદયમાં વિશાળતા નહોતી તેથી ઊંડું સત્યદર્શન તેઓ કરી શકતા નહિ ને મતમતાંતરો ઊભા કરતા. આથી ચોર્યાસી ગચ્છોની તકરારોનો ઉલ્લેખ આનંદઘનજીને અધ્યાત્મ રસપૂર્ણ સ્તવનમાંય કરવો પડતો. ધાર્મિકવર્ગમાં શિથિલતા પણ આવી ગઈ હતી ને તે દૂર કરવા પં. સત્યવિજયે ક્રિયોદ્ધાર હાથ ધરેલ. સંસારીઓ પણ આનંદઘનને દૂર દૂર ફગાવી દેતા. તેમને ભંગડોભૂત, ક્રિયાલોપક, ફટકેલ ચિત્તવાળા કહેતા. કહેવાય છે કે એક શેઠિયાએ તેમનો ઓઘો ને મુહપત્તિ ખેંચી લીધાં હતાં. આવા પ્રતિકૂળ વાતાવરણમાં પોતાની સ્વપ્ન સૃષ્ટિને કરમાવા ન દેવી એ તેમને ચિંતાનો વિષય હોય પણ ખરો. આ આખી મુંઝવણ તેઓએ એકલવિહારી બનીને ઊકેલી, નવપરિણિતતા જેમ એકાંતને ઝંખે તેમ આનંદઘન પણ એકાંતને ઝંખતા. જ્યારે પ્રેમદશા તીવ્ર હોય છે ત્યારે એકાંતનો રસ ખૂબ મીઠો થઈ પડે છે. ઝાડના ઝૂંડોમાં ને પર્વતની ભેખડો પર એકલા ગાતાં ને રોતાં આનંદઘનને કલ્પીશું ત્યારે લાગશે કે પ્રેમની પવિત્રતા વિશુદ્ધ એકાંતમાં જ છે

સાધુ આનંદઘનનો વિશેષ પરિચય લેવા તેમના પદોનો અભ્યાસ કરવો જોઈએ. તેમના પદોમાં બે આનંદઘનજીનું દર્શન થાય છે એક છે વિરહી આનંદઘન, બીજા છે અનુભવી આનંદઘન. વિરહી આનંદઘન શુદ્ધ આત્મતત્ત્વને મેળવવા નિરંકુશ ઉછાળા મારે છે. સૂકા વૃક્ષ નીચેના બેડોળ પથ્થરો પર બેસી તેઓ છાતીફાટ રુદન કરે છે. તેઓ ગાય છે—"દરિસન પ્રાણજીવન મોહિ દીજે" ભુખરા પહાડના શાંતિમય વાતાવરણમાં તેમનાં આંસુ કરુણ સૂરો વહેતા મૂકતા હશે. જાણે કે એ કરુણ દૃશ્યથી સૃષ્ટિના હૃદયમાંથી પણ લોહી નીકળતું હોય. નીલા આકાશમાં રૂપેરી ચાંદ ભલેને ઊગ્યો હોય પણ આનંદઘનજી તો બંગાળાના ચૈતન્યદેવની

૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ માથાના વાળ વીંખી નાખી જમીન પર નાક ઘસતા હશે; એટલા માટે કે વિરહ દુઃખ ઓછું થાય.

પ્રીતમનું દર્શન કરવા ચારેકોર તેઓ નજર નાખતા હશે પણ નિરાશા મળતાં વારંવાર તેઓ ઝાડ કે પથ્થર સામે માથુ અફાળી — કપાળ ફૂટી જાતા હશે.—' કંચન વરણો નાહ રે મુને કોઈ મિલાવો '—કંચન વર્ણનો મારો નાથ છે, કોઈ મને મેળવી દો.

એમના વિરહપદોની* એક એક પંક્તિમાં પ્રેમસમર્પણની મધુર શોકકથા છે. એની પાછળ જે પ્રણયવેધક દર્દ છે તે તેમના પદોને રસિક બનાવે છે. એ વિરહના પદમાંથી નવું જ શીખવા મળે છે કે વિરહની વેદના પણ મિલનના સુખથી ઓછી સુંદર નથી.

દામ્પત્યનું સુખ પ્રીતમના હોઠ કે ખોળામાં જ નથી પણ તેના વિરહમાં વિશેષપણે છે. વિરહ પણ પ્રેમને તીવ્રપણે અનુભવવાનો એક પ્રકાર છે.

તેમનો વિરહ કઈ કક્ષાએ પહોંચ્યો હતો, તે તેમણે લખેલ આ પંક્તિ પરથી સમજાય છે કે—" થરથર ધ્રુજે દેહડી મારી જિમ વાનર નરમાહ રે "—મારો દેહ થરથર ધ્રુજે છે, વાનરયૂથથી છૂટા પડેલ વાનર જેમ. આ કોઈ રંગભૂમિનો અભિનય નથી. કાવ્યનો કલ્પના-વિહાર નથી, આ તો છે પ્રેમની અમરકહાની — જ્યાં પ્રેયસીનું ગાંડપણ કઠોર વ્રતોને કે અથાગ જ્ઞાનને પણ ઝાંખુ પાડી દે છે.

આ તો થયું વિરહી આનંદઘનનું દર્શન. હવે અનુભવી આનંદઘનને જોઈએ: આનંદઘનના જીવનનો હેતુ અનુભવ હતો. અનુભવ એટલે આત્માનો પરમાત્મામાં પૂર્ણ પ્રવેશ; માનવનો ઈશ્વર સાથેનો આધ્યાત્મયોગ. આ દશા માટે જ વિરહી આનંદઘને આટલું આટલું સહન કરેલ છે. અનુભવને તેઓ ક્ષણે ક્ષણે " હેતુ " " મિત્ર " " દાસી " રૂપે સંબોધી પોતાનું હૈયું ઠાલવતાં× પ્રતિક્ષા ફળી. પતિ મળી ચૂક્યા. જીવનમાં વસંત ઋતુ ખીલી ઊઠી. એ અનુભવનું હર્ષાન્વિત સ્વાગત કરતાં ગાયું—" મેરે ઘટ જ્ઞાનભાનુ ભયો ભોર '—મારા ઘટમાં જ્ઞાનનું પ્રભાત ઊઘડયું છે. પરમ શાંતિની ને સર્વોત્તમ વિકાસની એ ઘડી હતી. મિલનની ઘડીના એ પ્રથમ ઉદ્ગાર હતા. પાતંજલિની એ ચિત્તશુદ્ધિ, વેદાંતની બ્રહ્મી સ્થિતિ ને જૈનોની સ્વભાવરમણતા તેઓએ મેળવી. જ્ઞાન ત્યાં નિર્જીવ શબ્દોરૂપે નહોતું; ક્રિયા ત્યાં યાંત્રિક નિયંત્રણરૂપે નહોતી. કેવળ જ્ઞાન, ક્રિયા આત્મપરિણતિરૂપે પરિણમી હતી. એ આનંદ હૃદયમાં સમાયો નહિ એટલે જરાક બહાર લાવે છે ને ગાય છે—" અનુભવ રસમેં રોગ ન શોક " — "લોકવાદ સબ મેટા, કેવળ અચળ અનાદિ અબાધિત શિવ શંકરકા ભેટા." અનુભવમાં રોગ નથી, શોક નથી, લોકવાદ નથી, કેવળ અચળ શિવતત્ત્વનો ભેટો છે. ચિદાનંદ યુગલની આ અધ્યાત્મલીલા જુઓ! અદ્વૈતની આ મસ્તી જુઓ. અનુભવ વિષે શાબ્દિક આપ-લે તો શું તેઓ કરી શકે? એ ગૂઢ અનુભવને મૂક ભાવો આવરી રહ્યા છે તે

[ જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૧૭૪ ]

* ૧ ક્યારે મુને મિલશે મારો સનમલુ. ૩ શ્યામ મને નિરાધાર કેમ મૂકે.
  ૨ પિયા બિન શુધબુધ ભૂલી. ૪ દરિસન પ્રાણજીવન મોહિ દીજે.

× ૧ અનુભવ હૈ હેતુ હમારો. ૩ અનુભવ ના થયું કયુ ન
  ૨ અનુભવ રમતો રાવરીદાસી ૪ અનુભવ પ્રીતમ કયું ન મનાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનશુદ્ધિનું મહાપર્વ

## [ સાંવત્સરિક પ્રતિક્રમણ ]

લેખકઃ—પં. શ્રીયુત અંબાલાલ પ્રેમચંદ શાહ

એક લાંબો પંથ કાપવા માટે વચ્ચે વચ્ચે જેમ વિશ્રામ સ્થાનો આવે તેમ ગત સંવત્સરીથી લઈને આપણે દિવાળી, બેસતું વર્ષ, જ્ઞાનપંચમી, કાર્તિકી ચૌમાસી, કાર્તિકી પૂર્ણિમા, મૌન એકાદશી, ફાગણી ચૌમાસી, અક્ષય તૃતીયા, મહાવીર જન્મદિન, અષાઢી ચૌમાસી વગેરે નાનાં મોટાં પર્વો વીતાવી સંવત્સરી પર્વની નજીક આવી પહોંચ્યા છીએ. એ પર્વની વિશિષ્ટ ક્રિયા તે સંવત્સરી પ્રતિક્રમણ. આને ક્ષમાપનાનું મહાપર્વ પણ કહી શકીએ; જે દિવસે જૈન નામધારીએ જીવનશુદ્ધિ માટે એ ક્રિયા કરવી જરૂરી છે. આ જીવનશુદ્ધિમાંથી જ 'मित्ति मे सव्वभूएसु' સર્વજીવો પ્રત્યેનો મૈત્રીભાવ પરિણમે છે. આ ભાવના, એક બીજા પ્રત્યે થયેલા અનુચિત વ્યવહારથી વિખુટા પડેલા માનવીઓ એક બીજાનો ખભેખભો મેળવીને સમાજનું ઐક્ય બનાવી રાખે છે. આ રીતે કેવળ જૈન સમાજ પૂરતી જ વાત સમજીએ તોયે જૈનોના સ્નેહ-મેળાવડાનું આ પર્વ કરી શકાય.

આવાં પર્વોનો ઇતિહાસ એ વર્ષો જૂના સંસ્કારોની ભાવનાના મૂળ સુધી આપણને ખેંચી જાય છે અને એના ઉદ્દેશની સાર્થકતા વિચારવા પ્રેરે છે. જૈનોના પ્રત્યેક પર્વના મૂળમાં ત્યાગની ભાવના રહેલી હોય છે અને ત્યાગમાંથી ફલિત થતો પ્રેમ માનસશાસ્ત્રની વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ ઓછો પ્રતીતિકર નથી જ.

જૈન નામધારીને જે ક્રિયા કરવી જરૂરી છે તેને જૈન શાસ્ત્રોમાં 'આવશ્યક' ક્રિયાના નામે ઓળખાવી છે. ૭ આવશ્યકોમાં પ્રતિક્રમણને અવશ્ય કરવા યોગ્ય ગણાવવામાં આવ્યું છે. બાકીનાં પાંચ આવશ્યકો તો પ્રતિક્રમણનાં જ અંગભૂત છે. સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદના, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગ તેની અંતર્ગત થાય છે.

જેઓ હમેશાં પ્રતિક્રમણ કરી શકતા નથી તેમણે પાક્ષિક (પખવાડિયે), પાક્ષિક પણ કરી શકતા નથી તેમણે ચતુર્માસિક (ચૌમાસી) અને જેઓ ચતુર્માસિક પણ કરી શકતા નથી તેમણે ઓછામાં ઓછું સાંવત્સરિક (વાર્ષિક) પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ. જૈનત્વની સાચી પ્રતીતિનો આ મૂળ પાયો છે.

પ્રતિક્રમણ એટલે જાણતાં અજાણતાં જે કંઈ દોષ થઈ ગયો હોય તેનો મન, વચન અને કાયાથી પશ્ચાત્તાપ કરી અપરાધની શુદ્ધિ કરવી. એ તો દેખીતું જ છે કે કોઈપણ માનવી અપરાધ કર્યા વિના રહી શકતો નથી કેટલાક અપરાધો તો એટલા સૂક્ષ્મ છે કે, જે આપણી જાણમાં પણ આવી શકતા નથી એ અપરાધોના ચિંતનમાં ઊંડા ઊતરીએ ત્યારે જ આપણને એ જિજ્ઞાસા થઈ આવે કે—

"कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सये। कहं भुंजतो फासंतो, पावं कम्म न बंधइ ॥"

—હું કેવી રીતે ચાલું કેવી રીતે ઊભો રહું, કઈ રીતે બેસું, કઈ રીતે સૂઈ જાઉં, કઈ રીતે ખાઉં, ને કઈ રીતે સ્પર્શ કરું જેથી પાપ કર્મ ન બંધાય.

કેમકે એ દરેક ક્રિયામાં અપરાધ તો અવશ્ય છે જ. ત્યારે એનું સમાધાન પણ શાસ્ત્રકારોએ આ રીતે કર્યું છેઃ—

"जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सये। जयं भुंजतो फासंतो, पावं कम्म न बंधइ ॥"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



—ઉપર્યુક્ત બધી ક્રિયાઓ જયણા—યતનાપૂર્વક કરવામાં આવે તો પાપકર્મ બંધાતું નથી.

યતના કરવા છતાંયે અપરાધો તો થાય જ છે, એ અપરાધોની વાસ્તવિક શુદ્ધિ પ્રતિક્રમણ દ્વારા જ થઇ શકે. એ જ કારણે પ્રતિક્રમણને આવશ્યક ક્રિયામાં ગણાવ્યું છે. વસ્તુતઃ પ્રતિક્રમણ આવશ્યક નહિ પણ અત્યાવશ્યક કાર્ય છે એમ આપણે માનવું પડશે.

જગતની શાંતિ માટે અને કેટલાયે અનર્થો રોકવા માટે પ્રતિક્રમણની જરૂર છે. પ્રતિક્રમણથી દ્વેષની વાસના દૂર થઇ જાય છે. દ્વેષ જેટલો દુઃખદાયક છે એટલું શારીરિક કે બાહ્ય કષ્ટ નથી. વિનોદમાં આપણે કોઇને મારીએ કે ગાળો ભાંડીએ પણ તેનું દુઃખ થતું નથી. પરંતુ ક્રોધથી સહેજ અપમાન કરવું એ જ દુઃખનું કારણ બને છે, આ સામાન્ય ઉદાહરણ જીવનના પ્રત્યેક કાર્યોમાં મૂર્તિમંત થતું દેખાય છે. વ્યવહારમાં જે અનેક પ્રકારની શત્રુતા થઇ જાય છે, તે અપરાધ એક માત્ર સાચા દિલથી સ્વીકારી લેતાં દૂર થઇ જાય છે. માનવહૃદય સ્નેહ ભૂખ્યું છે અને તે સ્નેહ સાચા દિલથી કરેલા પ્રતિક્રમણમાંથી પ્રગટ થાય છે.

સાચું પ્રતિક્રમણ કરવા માટે એ આવશ્યક છે કે, જ્યાં અપરાધ થયો હોય ત્યાં જ તેની માફી માગીને શુદ્ધિ કરવી જોઇએ. પરંતુ જે કષાયોથી અપરાધ થાય છે એ કષાયોની પણ સ્થિતિ ( કાળ ) હોય છે. એ વીતી જાય ત્યાર પછી સાયંકાળે આપણે દૈનિક કાર્યોનું સ્મરણ કરવાની નિરાંત મળે છે, અને તેથી એ અપરાધોની ક્ષમા માગવા માટે સાંજે અને સવારે પ્રતિક્રમણ કરવામાં આવે છે.

પ્રતિક્રમણમાં આપણે 'मिच्छामि दुक्कडं'—'મારું પાપ મિથ્યા થાઓ' એમ કહીને સર્વ અપરાધોની ક્ષમા માગીએ છીએ પરંતુ કેટલીક વખત આ ક્ષમા માગવાનું કાર્ય એક માત્ર રૂઢિ જેવું બની જાય છે. જેના આપણે અપરાધી હોઇએ તેમના વિષયમાં તો આપણે કંઈ જ ધ્યાન ન આપીએ અને દુનિયાભરના જીવો પાસે 'खामेमि सव्वजीवे०' દ્વારા માફી માગવાનો ડોળ કરીએ તો પ્રતિક્રમણ જીવનશુદ્ધિનો ઉપાય ન બની શકે. પોતાના વિશિષ્ટ પાપોને માટે પ્રતિક્રમણ કરવાનો હેતુ જો બરાબર ન જળવાય તો ખરે જ, એ અજ્ઞાન ક્રિયા જેવું બની જાય.

ખરું જોતાં આપણા કારણે કોઈના પ્રત્યે અનુચિત વ્યવહાર થયો હોય તો તેનો સ્વીકાર કરવો અને શક્ય ન હોય તો આપણે પોતાની મેળે એનો પશ્ચાત્તાપ કરવો એ જ પ્રતિક્રમણનું રહસ્ય છે. પશ્ચાત્તાપ વિશે કલાપીનું આ પદ્ય આપણને સાચું દર્શન કરાવે છે:

"હા પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે;
પાપી તેમાં ડુબકી દઈને, પુણ્યશાળી બને છે."

પ્રતિક્રમણના આ મૂળ પાયા ઉપર જ અનેકાંત સિદ્ધાંતની ઈમારત ખડી છે. એકાંત સિદ્ધાંત આપણને જ્યારે દુરાગ્રહી બનાવી સમાજથી અને છેવટે વ્યક્તિથી અલગ કરે છે ત્યારે અનેકાંત સર્વધર્મના સિદ્ધાંતોનો સમન્વય કરે છે. જૈનધર્મના વિશાળ અને ગંભીર ઉદરમાં એવા અનેક એકાંત સિદ્ધાંતોનો સમાવેશ થયેલો છે. એથી જ પ્રત્યેક સિદ્ધાંત કે માનવ પ્રત્યે પ્રેમભાવ રાખવાનું અનેકાંત સિદ્ધાંત શીખવે છે.

એ સિદ્ધાંતના પ્રરૂપક તીર્થંકરો અને આસન્ન ઉપકારી ભગવાન મહાવીરના ઝંડા નીચે અનેકાંતની છત્રછાયામાં સાચા પ્રતિક્રમણ દ્વારા આપણે માનવ માત્ર જ નહિ પણ જીવ માત્ર પ્રત્યે સમભાવ રાખવાનું આ સાંવત્સરિક પર્વ સાચી રીતે ઉજવવાનું ન ભૂલીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતનો પ્રાચીન મંત્રી-વંશ

લેખક :—પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાન્ ગાંધી : વડોદરા

**ગુજરાતની** પ્રાચીન રાજધાની અણહિલ્લવાડ પાટણની સાચી પ્રભુતાના સમયમાં, સુપ્રસિદ્ધ ચાવડા અને પ્રતાપી ચૌલુક્ય રાજ-વંશની કીર્તિ-વૃદ્ધિમાં સહાયભૂત થયેલા પોતાની કિંમતી સેવાથી વંશ-પરંપરા સાત પેઢી સુધી એકનિષ્ઠાભરી વફાદારીથી ગુજરાતનાં, ગૌરવ, પ્રતાપ, સમૃદ્ધિ, ધર્મ અને યશ વિસ્તારનાર એક ઉત્તમ મંત્રિ-વંશ સદ્ભાગ્યે ગુજરાતને પ્રાપ્ત થયો હતો. સુપ્રતિભાથી અને બહુ કુશલતાથી સૈકાઓ પર્યન્ત ગુજરાતના વિસ્તૃત રાજ્યતંત્રને સુવ્યવસ્થિત રાખી રાજ-કારભાર ચલાવનાર મહામાત્ય, દંડનાયક વગેરે અધિકારી પૂરા પાડનાર, જૈનધર્મ દીપાવનાર એ પોરવાડ વીર વણિકવંશની પ્રાચીન પ્રાકૃત પ્રશસ્તિ, પાટણના પ્રાચીન જૈન પુસ્તકોના ભંડારોની શોધ-ખોળમાંથી મળી આવી છે, જેમાંથી ગુજરાતના ઇતિહાસને ઉપયોગી હકીકતો મળી આવે છે. એમાંની એક પ્રશસ્તિનો અનુવાદ અંતે આપવામાં આવ્યો છે.

મહારાજા કુમારપાળના મંત્રીશ્વર પૃથ્વીપાલની પ્રાર્થનાથી ૨૪ તીર્થંકરોનાં પ્રા. અપ-ભ્રંશભાષામાં ચરિત્રો રચનાર, વડગચ્છના હરિભદ્રસૂરિએ એ ચરિત્રોના અંતમાં ઉપર્યુક્ત મંત્રી પૃથ્વીપાલનો તથા તેના પૂર્વજોનો પરિચય કરાવ્યો છે. કુમારપાળના રાજ્ય-કાળમાં રચાયેલાં એ ચરિત્રોમાંથી ૮૦૩૨ પદ્યપ્રમાણ પ્રા. 'ચંદ્રપ્રભચરિત્ર'ની વિ. સં. ૧૨૨૩ માં તાડપત્ર પર લખાયેલી પુસ્તિકા સંઘવીના પાડાના ભંડારમાં વિદ્યમાન છે, જેનો આદ્યંત ભાગ ગા. ઓ. સિ. ના પાટણ ભંડારના ડિ. કૅ. (વૉ. ૧, પૃ. ૨૫૨ થી ૨૫૬)માં અમે દર્શાવ્યો છે, જે હરિભદ્રસૂરિના વિ. સં. ૧૨૧૬ માં રચાયેલા અપભ્રંશ 'નેમિનાથ ચરિત્ર'નો ઉલ્લેખ, અમે 'જેસલમેર ભાં. સૂચી'માં કર્યો છે અને જર્મનીના સુપ્રસિદ્ધ ડૉ. હર્મન યાકોબીએ જેનો એક ભાગ 'સનત્કુમાર ચરિત્ર' જર્મનીમાં રોમનલિપિમાં પ્રકાશિત કરેલ છે. એ જ હરિભદ્રસૂરિએ રચેલ 'મલ્લિનાથ ચરિત્ર' પણ પ્રાપ્ત થાય છે. ઉપર્યુક્ત ચરિત્રોની પ્રાંત પ્રશસ્તિ પરથી જણાય છે કે:—

### વનરાજના રાજ્યમાં ઠ. નિન્ન અને દંડનાયક લહર.

"શ્રીમાલપુરમાં ઉત્પન્ન થયેલ પોરવાડ વંશમાં સગુણ મુક્તામણિ જેવો નિન્નય નામનો વણિક ઠક્કુર થયો હતો. શ્રીદેવીએ પ્રકટ થઈને ભાવી અભ્યુદય કહેવાથી તે, શ્રીમાલપુરથી ગંભૂય (ગાંભૂ) નગરીએ પહોંચ્યો. ત્યાં તેના ઘરમાં વિપુલ લક્ષ્મી વિલાસ કરવા લાગી હતી. પૃથ્વીને હર્ષ આપનાર વનરાજના પ્રકટ થયેલા મંડલમાં પદ-વિભવની પુષ્ટિ થઈ હતી. પસરતા ગંધહસ્તીઓની ઘટાઓ વડે અને ઉછળતા ઘોડાઓની ઠઠ્ઠ વડે અનેક પ્રકારે થયેલો તેનો ઉદય-વિસ્તાર વિસ્મય પમાડે તેવો હતો. વનરાજ રાજાદ્વારા અણહિલ્લપુરમાં લઈ જવાયેલા તે નયમતિવાળાએ[1] વિદ્યાધરગચ્છમાં ઋષભજિનનું મંદિર કરાવ્યું હતું. વિશુદ્ધ નય(નીતિ)વડે કીર્તિ-પ્રસર પ્રાપ્ત કરનારા, રત્નનિધિ જેવા તે(નિન્નય)થી બહુસંખ્ય સૂક્તિઓ વડે સુખ આપનાર લહર દંડનાયક થયો. કૂદતા ઘોડાઓના સૈન્ય સાથે તે વિંધ્ય-ગિરિના પ્રદેશમાં પહોંચ્યો હતો. ત્યાંથી શ્રેષ્ઠ હાથીઓની ઘટા ગ્રહણ કરી જ્યારે તે પોતાના

૧. ને. તથા મ.ની પ્રશસ્તિ પરથી સમજાય છે કે વનરાજ, તેને પિતા સમાન માનતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુર-સંમુખ આવતો હતો, ત્યારે તેને હાથીઓ ગ્રહણ કરવા ઉત્સુક થયેલા શત્રુઓ ( રાજાઓ ) સાથે યુદ્ધ થયું હતું. તેમાં તે ( લહર )ના ધનુષ્ય પર વિંધ્યવાસિની ઊતરી, તેથી તેણે શત્રુઓ પર વિજય મેળવ્યો. પ્રણત જનોની આશા પૂરનારી તે વિંઝવાસિણી[2] દેવીને તેણે ( લહરે ) સંડથલ[3] ગામમાં સ્થાપી હતી. તેના સદ્ધર્મ અને ગુણોથી અનુરક્ત થયેલી હોય તેમ લક્ષ્મી અને સરસ્વતી ઈર્ષ્યાનો ત્યાગ કરી તેના સાંનિધ્યને મૂકતી ન હતી લક્ષ્મીના વર ( પ્રસાદી )થી પ્રાપ્ત કરેલ વિત્તપટ[4], જેણે ટંકશાળામાં સ્થાપ્યો હતો અને લક્ષ્મીને સફળ મુદ્રાઓમાં સ્થાપી હતી.

## મૂલરાજથી દુર્લભરાજ સુધીના રાજ્યોમાં મંત્રી વીર.

મૂલરાજ રાજાની રાજ્ય-લતાના અંકુર જેવો વીર, ચૌલુક્ય મૂલરાજના, અને ચામુંડ-રાજના રાજ્યોમાં તથા વલ્લભરાજ અને દુર્લભરાજ[5] રાજાના કાળમાં પણ વિદ્યમાન અદ્વિતીય મંત્રી થયો, જેણે અંતમાં ચારિત્ર આચર્યું હતું[6].

તે મંત્રીને, લક્ષ્મીદેવી અને સરસ્વતી દેવીના જૂદા જૂદા નિવાસ જેવા, વસુધામાં વિખ્યાત એવા બે [ પુત્રો ] ઉત્તમ પુરુષો થયા.

## ભીમદેવના રાજ્યમાં મહામાત્ય નેઢ અને દંડનાયક લહર.

તેમાં પ્રથમ, દોષોને નષ્ટ કરનાર, કમલા( લક્ષ્મી )ના ઉદયને પ્રકટ કરનાર, સૂર્ય જેવો નેઢ, ભીમદેવના રાજ્યમાં મહામતિ( મહામાત્ય ) થયો.

અને બીજો, શરદ્ ( ઋતુ )ના ચંદ્ર જેવા નિર્મલ ગુણ-રત્નોના ઉદાર મંદિર જેવો અને પોતાની પ્રભા વડે સૂર્યને પણ ઝાંખો પાડનાર વિમલ નામનો દંડપતિ થયો. ભીમદેવ રાજાના વચન વડે સકળ શત્રુઓના વૈભવને ગ્રહણ કરનાર તે, પ્રભુ( રાજા-સ્વામી )થી ઉપલબ્ધ થયેલા ચડ્ડાવલ્લી( ચંદ્રાવતી ) વિષય( દેશ )ને ભોગવતો હતો. દેવ-ભવનમાં ચડતા પ્રશસ્ત પ્રાણીઓને નીસરણી જેવા નંદિવર્ધન એવા બીજા નામવાળા, આ આબૂ ગિરીન્દ્રને જોઈને તેણે વિચાર કર્યો કે—'ખરેખર ત્રિવિધ સંવિધાનો( ઘટનાઓ )ના ઘરરૂપ, ઉત્તમ તીર્થ એવો આ પર્વત છે; એથી જો આ( પર્વત )ના ઉપર ઋષભ જિનનું ભવન( મંદિર ) કરાવાય; તો હું પોતાના જીવિતવ્યને, બલને અને લક્ષ્મીને કૃતકૃત્ય માનું." એવી રીતે ચિંતા ( વિચાર ) કરતા તે( વિમલ )ને અંબાદેવીએ સ્વપ્નમાં કહ્યું કે—'ભદ્ર! આ સુંદર વિચાર કર્યો છે, એ પ્રમાણે હૃદયનું ઈચ્છિત તું કર હું પણ તને બીજી( સહાયક ) થઈને સાહાય્ય કરીશ દેવીએ ભીમદેવ રાજાને અને નેઢને પણ તત્ક્ષણ પ્રસ્તુત અર્થનો ઉપદેશ આપ્યો, એથી તે

૨. આ દેવી લહરના આપેલા ધણુહાવી નામવડે પ્રસિદ્ધ થઈ હતી-એમ ને. પ્ર.થી જણાય છે.

૩. આ ગામ, **વનરાજ રાજાએ**, સુપ્રસન્ન ચિત્તવાળા થઈ લહરને આપ્યું હતું-એમ ને. પ્ર.થી સ્પષ્ટ સમજાય છે.

૪. ડૉ. હર્મન યાકોબીએ ને. પ્ર.માં ચિત્રપટ અર્થ અને એવો પાઠ દર્શાવ્યો છે, તે યુક્ત લાગતો નથી.

૫. ડૉ. હર્મન યાકોબીએ ને. પ્રના પાઠ પરથી કંઈ જૂદો શંકિત અર્થ જણાવી વીરને માત્ર દુર્લભરાજનો મંત્રી જણાવેલ છે, તે યુક્ત નથી. તથા 'પુન્નુ' પાઠને બદલે 'પત્તુ' જણાવી પુત્ર અર્થ દર્શાવ્યો છે, તે ત્યાં ઉચિત નથી.

૬. વિ. સં. ૧૦૮૫માં **વીર** મંત્રીનો સ્વર્ગવાસ થયો-એમ ને. પ્ર.માં સ્પષ્ટ જણાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંનેએ પણ વિમલને અનુજ્ઞા આપી. ત્યાર પછી આબૂ ગિરિ ઉપર, અંબાદેવીએ પ્રકટ થઈને ઉપદિષ્ટ કરેલા પ્રદેશમાં તેણે આ જિનભવન કરાવ્યું[1], જેનો મધ્ય ભાગ શ્રીઋષભ-[દેવ]ના બિંબરૂપી સૂર્યે ઉદ્યોતિત કર્યો હતો, જેના પર પતાકા ફરકતી હતી, જિન-શાસનમાં કથન કરેલી નીતિ પ્રમાણે જેમાં ચિત્રશાલા સુવિભક્ત કરવામાં આવી હતી.

## કર્ણદેવના રાજ્યમાં સચિવ ધવલ.

કર્ણદેવના રાજ્યમાં, નેઢ મહામતિ(મહામાત્ય)નો પુત્ર ધવલ નામનો સચિવેન્દ્ર થયો, જેણે પોતાના જશ વડે ભુવનને ધવલિત (ઉજ્જવલ) કર્યું હતું.

## જયસિંહના રાજ્યમાં સચિવ આનંદ.

ત્યાર પછી જયસિંહદેવના રાજ્યમાં ભુવનને આનંદ આપનાર આનંદ નામનો સચિવેંદ્ર થયો, રેવતે[2] કરેલા પ્રસાદથી જેણે ઉત્તમ સમૃદ્ધિ પ્રાપ્ત કરી હતી અને ધણહાવી દેવતાએ કરેલા સંનિધાનથી જેના ઉપસર્ગો નષ્ટ થયા હતા. ગુરુ(મોટા) ગુણોના વશથી જેનું માહાત્મ્ય ઉલ્લસિત થતું હતું.

તે આનંદ સચિવેન્દ્રની પ્રિયતમા પદ્માવતી નામથી પ્રખ્યાત થઈ હતી; જે ચંદ્ર જેવા વિમલ(ઉજ્જવલ) શીલરુપી અલંકાર વડે શોભતાં સર્વ અંગોવાળી હતી, ગુરુ પ્રત્યે વિનય, પ્રણત(પ્રણામ કરતા જનો) પ્રત્યે વાત્સલ્ય અને ધર્મ-કર્મમાં અનુરક્ત મનવાળી હતી; અથવા સમગ્ર-જગતને વિસ્મય કરનાર ગુણરૂપી રત્નોની પરમ(શ્રેષ્ઠ) મંજૂષા(પેટી) જેવી હતી.

## સિદ્ધરાજ અને કુમારપાલના રાજ્યમાં મંત્રી પૃથ્વીપાલ.

સિદ્ધરાજ અને કુમારપાલદેવ એ બન્ને અવનીન્દ્રતિલક(શ્રેષ્ઠ રાજાઓ)ના પૃથ્વીપીઠને પુત્રરૂપી ભર્તારથી વિધુરિત જોઈને જાણે, જગતના સુકૃતોના સંચયવડે વ્યયકરણ, શ્રીકરણ આરંભ સંબંધના મહાભારવાળી ધુરાને વહન કરવામાં ધવલ (ઉત્તમ વૃષભ) જેવા, આનંદ મહામતિ(મહામાત્ય)ના તનય આ પૃથ્વીપાલ મંત્રીને જયસિંહદેવ અને કુમારપાલ રાજાના રાજ્યોમાં સત્યનામવાળો (પૃથ્વીને પાળનાર) કર્યો છે.

જેણે (પૃથ્વીપાલે) નિન્નયના કરાવેલા [3]જાલિહરગચ્છના ઋષભજિન-ભવનમાં પિતા માટે, અને પંચાસરા પાર્શ્વનાથના મંદિરમાં માતા માટે, ચડ્ડાવલ્લી (ચંદ્રાવતી) માં, ગચ્છમાં,

---

૧. આ જિન-મંદિરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૦૮૮માં થઈ હતી-એમ અન્ય સાધનોથી જણાય છે.

૨. ડૉ. હર્મન યાકોબીએ રેવા + અન્ત નર્મદાના અંત પ્રદેશમાં આવો આશય દર્શાવ્યો છે, યોગ્ય નથી. રેવંતદેવ સૂર્યપુત્ર એવા નામથી પુરાણોમાં પ્રસિદ્ધ છે, તે અહીં સમજવો જોઈએ. વડોદરાના મ્યૂઝિયમમાં હાલમાં થોડા વખત પર રાખેલી દુમાડ (વડોદરા રાજ્ય)માંથી મળેલી પાષાણ પરની વિ. સં. ૧૩૩૪ની અશ્વારૂઢ મૂર્તિને ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્ય મહાશયે તેનાં લક્ષણો પરથી રેવંતની મૂર્તિ તરીકે ઓળખાવી છે.

૩. ડૉ. હર્મન યાકોબી, આવો એક જૈન ગચ્છ હોવાનું જાણતા નહિ હોય, એથી આ શબ્દનો વિચિત્ર અર્થ કરવા બહુ પરિશ્રમ લીધો જણાય છે. પ્રબંધચિંતામણિમાં સૂચવેલ જાલિવૃક્ષ પાસેનું રાજગૃહ અને ગચ્છ પાઠને બદલે કચ્છ પાઠનુ સં. કક્ષ સૂચવી અર્થ કર્યા છે; પરંતુ ખરી રીતે વિદ્યાધરગચ્છની એક શાખા તરીકે જૈનોમાં જાલિહરગચ્છ હતો, જેમાં થયેલા દેવસૂરિએ વિ. સં. ૧૨૫૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતામહી ( માની મા=દાદી )ના સુખ માટે અણુહિલ્લપુર ( પાટણ ) માં મંડપો કરાવ્યા હતા. માતામહ ( માના પિતા ) ઓલ્હના શ્રેય માટે જેણે રોહ વગેરે ૧૨ ગામવાળા મંડલમાં આવેલા સાયણવાદપુરમાં શાંતિજિનનું ભવન કરાવ્યું હતું.[1] તથા તેણે આબુગિરિના શિખરપર રહેલા નેઢ અને વિમલના જિનમંદિરમાં અતિ આશ્ચર્ય ઉત્પન્ન કરનાર મંડપ કરાવીને, પોતાના વંશના ઉત્તમ પુરુષોની મૂર્તિઓને વિલાસ કરતી હાથણી ( હાથી ) પર કરાવી હતી [2]. તેણે બહુ પુસ્તકોના અને બહુ વસ્ત્રોના દાનવડે નિત્ય સંઘ–ભક્તિ કરી પોતાના આત્માને ખરેખર કૃતાર્થ કર્યો હતો.

પોતાના માત-પિતાના આત્મા માટે વિશેષ સુકૃત કરવાના રુચિવાળા, સરસ્વતીના નિરુપમ વર (પ્રસાદ)ના પ્રભાવવડે વાંછિત અર્થને પ્રાપ્ત કરનાર[3] સાચા નામવાળા પૃથ્વીપાલ સચિવની અભ્યર્થના વડે, અલ્પમતિ હોવા છતાં પણ, શ્રીચંદ્રસૂરિગુરુના નામ–મંત્રના માહાત્મ્યથી, સંમાનપૂર્વક શાસ્ત્ર વિશેષ પ્રાપ્ત કરનાર હરિભદ્રસૂરિએ, સર્વદેવ ગણિએ કરેલ સંનિધાનવડે પૂર્વે કવીન્દ્રોની પરંપરાએ રચેલા ગ્રંથોનું અવલોકન કરીને અણુહિલવાડપુરમાં શ્રીકુમાર [ પાલ ] નરેન્દ્રની રાજ્યઋદ્ધિના સમયમાં શ્રીચંદ્રપ્રભનું આ ચરિત સમર્થિત કર્યું છે. ”

---

માં વઢવાણમાં પદ્મપ્રભસ્વામિ–ચરિત્ર પ્રા. મા રચ્યું હતું. [ પાટણ ભ. ક્યો. વો. ૧, પૃ. ૨૧૦–૨૧૨ જોવાથી સ્પષ્ટ સમજાશે ].

૧. પૃથ્વીપાલના કુટુંબ સંબંધી કેટલોક વિશેષ પરિચય, આબૂના કેટલાક શિલાલેખો, પ્રશસ્તિઓ, સં. વિમલચરિત્ર, ગુ. વિમલ-પ્રબંધ વિગેરેમાંથી મળી શકે છે, તે અને અન્યાન્ય સાધનો પરથી ઉપર્યુક્ત મંત્રીઓના સમકાલીન રાજ–પુરુષો અધિકારીઓ સંબંધી વિશેષ વક્તવ્ય, સ્થલ–સંકોચને લીધે નિરુપાયે અહીં છોડી દેવું પડે છે.

મહામાત્ય પૃથ્વીપાલે વિ. સં. ૧૨૦૧ માં જેઠ વદ ૬ રવિવારે પોતાના શ્રેય માટે કરાવેલ જિનયુગલ વિમલનાથ અને અનંતનાથ દેવ( મૂર્તિઓ ), પલ્લિકા( પાલી, મારવાડ )ના મહાવીર–ચૈત્યમાં આપ્યાનો ઉલ્લેખ મળે છે. [ પૂ. નાહર જૈન–લે. સં. ભા. ૧, લે. ૮૧૪, ૮૧૫ તથા જિનવિ. પ્રા. જૈ. લે. સં. ભા. ૨, લે. ૩૮૧ ]

૨. વિ. સં. ૧૨૦૪ના ફા. શુ. ૧૦ શનિવારના ઉલ્લેખ સાથે મહામાત્ય ૧ નીનક, ૨ લહર, ૩ વીર, ૪ નેઢ, (૫ વિમલ ), ૬ ધવલ, ૭ આનંદ અને પૃથ્વીપાલના નામવાળા હાથીઓ અને તે પર થોડી મૂર્તિઓ, પરચક્રાક્રમણો પછી અદ્યાપિ સદ્ભાગ્યે દૃષ્ટિગોચર થાય છે. વિ. સં. ૧૨૩૭માં આષાઢ શુદ ૮ બુધે તેમના વંશજોએ–અનુયાયીઓએ તેમાં ૩ સંખ્યાની વૃદ્ધિ કરી હતી. વિ. સં. ૧૨૧૨માં ત્યાં સમવસરણ કરાવનાર ઓસવાલ મંત્રી ધાંધૂકે વિમલમંત્રીની એ હસ્તિશાલાનો ઉલ્લેખ કર્યો છે. પોરવાડ મંત્રીશ્વર તેજપાલે એના અનુકરણરૂપે વિ. સં. ૧૨૮૭માં પ્રતિષ્ઠિત કરાવેલ લૂણસીહ-વસહી સાથે એવી હસ્તિશાલા રચાવી હતી. ઉપર્યુક્ત મહામાત્ય પૃથ્વીપાલે વિ. સં. ૧૨૦૬માં વિમલના તીર્થનો અદ્ભુત ઉદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ આબૂ પર છે. આ ચન્દ્રપ્રભચરિત્રની રચના પણ વિ. સં. ૧૨૦૪ પછી થોડા સમયમાં થઈ જણાય છે.

૩. મલ્લિનાથચરિત્રની પ્રશસ્તિમાં અહીં એક ગાથા અધિક છે. પૃથ્વીપાલને, દુર્નયરૂપી અંધકાર દૂર કરવામાં સૂર્ય જેવો નય (નીતિ)માર્ગે ચલાવનાર સારથિઓમાં શિરોમણિ, તથા નર-પરીક્ષા, નારી–પરીક્ષા, હસ્તિ–પરીક્ષા, અશ્વ–પરીક્ષા અને રત્ન--પરીક્ષા કરવામાં દક્ષ સૂચિત કર્યો છે. એ ચરિત્રના પ્રારંભમાં પણ તેને નર, નારી, તુરંગ અને વારણ (હાથી)ના લક્ષણશાસ્ત્રોમાં કુશલ સૂચિત કર્યો છે. ડૉ. હર્મન યાકોબી, કંઈ જૂદું સમજ્યા જણાય છે, તેથી નેમિનાથ—ચરિતની પ્રશસ્તિમાં આવેલા આવા આશયના પદ્યના અર્થમાં તેઓએ પૃથ્વીપાલને તેવા લક્ષણવાળો જણાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રીમલ્લિનાથ ચરિતના અંતે આપેલો
## જૈનમંત્રિવંશ-પ્રશસ્તિનો અનુવાદ.

તે મહાયશવાળા ગુરુઓનું અને સહાય્ય કરનારાઓનું લેશમાત્ર [ આકવન ] તમે સાવધાન મનવાળા થઈ સાંભળો. તે આ પ્રમાણે—

### જિનચંદ્રસૂરિ

શ્રીવર્ધમાનના તીર્થમાં, કોટિકગણનાં વઈર (વજ્ર) શાખામાં, ચંદ્રકુલમાં, સ્વયંભૂ-ભૂરમણની જેમ બહુ ઉદય( સ્વ૦ પક્ષમાં ઉદક=પાણી )વાળા, વડગચ્છમાં વિખ્યાત મુનીન્દ્ર જિનચંદ્રસૂરિ થયા; લક્ષ્મી ( આંતરિક જ્ઞાન, દર્શન, ચારિત્ર ), કલા–કલાપ અને અસમાન મેધા ( પવિત્ર બુદ્ધિ ) વડે પોતાના નામને સાચું કર્યું હતું. ૧–૨.

### શ્રીચંદ્રસૂરિ–હરિભદ્રસૂરિ

વાગતા યશઃપટહના ધ્વનિ વડે કીર્તિરૂપી તરુણીરત્નને નચાવનારા, મહાગુણરૂપી રત્નોના નિધિ શ્રીચંદ્રસૂરિગુરુનો, બહુ પ્રબંધો રચનાર હરિભદ્રસૂરિ એ નામનો આ લઘુ શિષ્ય થયો; જેણે ગુરુપદના સ્મરણવડે શુભ લેશ્યા (અથવા સુખ–લેશ) ને પ્રાપ્ત કરી હતી. ૩–૪.

### નીના

અને આ તરફ–શ્રીપોરવાડ વંશમાં મુક્તામણિ (મોતી) સમાન, સુજનોના હૃદયમાં વાસ કરનાર નિન્નય (નીના) નામે ઠક્કુર (પ્રધાન) વણિક્ થઈ ગયો, તેને શ્રીદેવીએ પ્રકટ થઈને અસમ ( અસાધારણ ) અભ્યુદય સૂચિત કર્યો, એથી તે શ્રીમાલપુરથી ગંભૂય નગરીએ પહોંચ્યો હતો. ૫–૬

### ઋષભજિનમંદિર

ત્યાં વિલસતી વિપુલ કમલા–લક્ષ્મી ( સરોવર પક્ષમાં કમળ ) વાળા, પ્રકટ થયેલ ( સ૦ પક્ષમાં ખીલેલ ) કુમુદ–પૃથ્વીને હર્ષ આપનાર ( સ૦ પક્ષમાં કુમુદ=રાત્રિવિકાસી કમળ ) વનરાજના મંડલ–દેશ ( સ૦ પક્ષમાં વનરાજપ્રદેશ ) માં પુષ્ટ થયેલ પદવિભવ-અધિકારવૈભવ ( સ૦ પક્ષમાં પય–પાણીરૂપી વૈભવ ) વાળા તે ( નીના ) ના ધરરૂપી મહાસરોવરમાં પસરતા ગંધહસ્તીઓની ઘટાઓ વડે અને ઊછળતા ઘોડાઓના સમૂહવડે અનેક પ્રકારે થયેલો ઉદય ( સ૦ પક્ષમાં ઉદક= પાણી, વિસ્તાર કે.ને વિસ્મય પમાડતો ન હતો ? વનરાજ રાજાવડે અણહિલ્લપુરમાં લઈ જવાયેલા વિનય વિશુદ્ધ નય( નીતિ )માં મતિવાળા તેણે વિદ્યાધર-ગચ્છમાં ઋષભજિનગૃહ ( જિનમંદિર ) કરાવ્યું હતું. ૭ ૯.

### લહર

રત્નનિધિ ( સાગર )થી જેમ ઘણા શંખો તથા છીપો વડે સુંદર લહર ( તરંગ, ઉત્પન્ન થાય તેમ વિશુદ્ધ નય( નીતિ )થી કીર્તિ પ્રસરને પ્રાપ્ત કરનારા તે ( નીના ) થી ઘણી સંખ્યાવાળી સૂક્તિઓ ( સુભાષિતો ) વડે સુભગ ( સૌભાગ્યશાલી ) દંડપતિ લહર ઉત્પન્ન થયો. ઉછળતા ઘોડાઓવાળો એ દંડપતિ વિન્ધ્યગિરિ( વિન્ધ્યાચળ )ના પ્રદેશમાં પહોંચ્યો હતો. ત્યાંથી શ્રેષ્ઠ હાથીઓની ઘટાને ગ્રહણ કરીને તે જ્યારે પોતાના પુર ( પાટણ ) ની સંમુખ આવતો હતો, ત્યારે તે ( દંડપતિ લહર ) ના હાથીઓને ગ્રહણ કરવામાં ઉત્સુક થયેલા શત્રુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે યુદ્ધ થયું હતું, તે સમયે જે ( દંડપતિ લહર ) ના ધનુષ્યમાં વિંઝવાસિણી ( વિન્ધ્યવાસિની ) દેવી ઊતરી હતી. તેથી શત્રુ પર વિજય પ્રાપ્ત કરનારા તેણે (દંડપતિ લહરે) 'ધણુહાવિ' એવા બીજા નામવાળી એ વિંઝવાસિણી ( વિન્ધ્યવાસિની ) દેવીને 'સંડત્થલ' ગામમાં સ્થાપી હતી. લક્ષ્મી અને સરસ્વતી જાણે તેના સદ્કર્મ-ગુણથી અનુરાગવાળી થઈ હોય તેમ ઈર્ષ્યાનો ત્યાગ કરી જેના સાંનિધ્યને પણ મૂકતી ન હતી. તથા જેણે શ્રીદેવીના વરદાન જેવો રાજાની ટંકશાળમાં પટ (અધિકાર) પ્રાપ્ત કર્યો હતો અને લક્ષ્મીને સકળ મુદ્રાઓ ( તે વખતના ચલણીનાણા ) માં સ્થાપી હતી. ૧૦-૧૫

## વીર

શ્રીમૂલરાજ નરપતિની મજ્ઝા ( ? માઝા=મર્યાદા ) રૂપી લતાના અંકુર જેવો તે વીર થયો, કે જે ચૌલુક્ય શ્રીમૂલરાજ અને ચામુંડરાજના રાજ્યોમાં તથા વલ્લભરાજ અને દુર્લભરાજ રાજાના કાળમાં પણ નિત્ય ( દીર્ઘાયુ: ) એક ( અદ્વિતીય ) મંત્રી થયો હતો, જેણે અંતમાં ચારિત્ર આચર્યું હતું. ૧૬-૧૭

તે ( વીર ) ને લક્ષ્મી અને સરસ્વતી દેવીના જૂદા જૂદા નિવાસ જેવા બે [પુત્રો થયા], જે ઉત્તમ પુરુષો વસુધામાં વિખ્યાત થયા. ૧૮

## નેઢ

તેમાં પ્રથમ, સૂર્યની જેમ દોષો (સૂર્યપક્ષમાં દોષા=રાત્રિ) ને નાશ કરનાર કમળા-લક્ષ્મી (સૂર્યપક્ષમાં સૂર્યવિકાસી કમળો) ના ઉદયને પ્રકટ કરનાર નેઢ નામનો મહામતિ( મહામાત્ય ) શ્રીભીમદેવના રાજ્યમાં થયો. ૧૯

## વિમલ

અને બીજો, શરદ્ઋતુના ચંદ્ર જેવા ઉજ્જવલ ગુણરૂપી રત્નોના ઉદ્ધાર મંદિર જેવો, પોતાની પ્રભાવડે સૂર્યને પણ પ્રભારહિત કરનાર 'વિમલ' નામનો દંડપતિ થયો; તે ભીમદેવરાજાના વચનથી સકળ શત્રુઓના વિભવને ગ્રહણ કરી પ્રભુ( રાજા )થી પ્રાપ્ત થયેલા ચડ્ડાવલી ( ચંદ્રાવતી ) દેશને ભોગવતો હતો. પ્રશસ્ત પ્રાણીઓને ત્રિદશભવન ( દેવલોક ) પર ચડવા માટે નિસરણી જેવા 'શ્રીનંદીવર્ધન' એવા બીજા નામવાળા આ અબ્બુય ( આબૂ-સં. અર્બુદ ) ગિરીન્દ્રને જોઈને [ એ ચંદ્રાવતીશ દંડનાયક વિમલને વિચાર આવ્યો કે— ] વિવિધ સંવિધાનકો ( મનોહર રચનાઓ ) નું ઘર, ઉત્તમ તીર્થરૂપ અદ્વિતીય આ પર્વત છે. એથી જો આ પર્વત પર ઋષભ-જિનભવન ( આદીશ્વર જિન-મન્દિર ) કરાવાય, તો હું પોતાના ( મારા ) જીવિતવ્યને, બળને અને લક્ષ્મીને કૃત્યકૃત્ય માનું. આવી રીતે ચિંતવતા તે( ચંદ્રાવતીશ )ને અંબાદેવીએ સ્વપ્નમાં કહ્યું કે—ભદ્ર ! આ સુંદર ચિંતવ્યું છે-સારો વિચાર કર્યો છે, હૃદયને ઈષ્ટ એવું આ કાર્ય તું કર. તને બીજી [ સહાયિકા ] થઈ હું પણ સહાય્ય કરીશ. દેવીએ પ્રસ્તુત અર્થ ( આ કાર્ય ) નો ઉપદેશ શ્રીભીમદેવ રાજા અને નેઢ ( ચંદ્રાવતીશ વિમલના વડિલબંધુ )ને આપ્યો અને તે બંનેએ પણ તે (વિમલ)ને તે જ ક્ષણે અનુજ્ઞા આપી. [ એ પછી ] આબૂગિરિ ઉપર, અંબાદેવીએ પ્રકટ થઇ સૂચવેલા સ્થાનમાં, જિનશાસનમાં કહેલી નીતિ પ્રમાણે સારી રીતે વિભક્ત કરેલ ચિત્રશાળાવાળું, ફરકતી ( ઊડતી ) પતાકાવાળું, શ્રીઋષભ( આદીશ્વર )ના બિંબરૂપી સૂર્યવડે ઉદ્યોતિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( પ્રકાશિત થયેલ ) મધ્યભાગવાળું આ જિનભવન ( જિનમંદિર ) તેણે (ચંદ્રાવતીશ દંડનાયક વિમલે) કરાવ્યું. ૨૦-૨૮

### ધવલ

એ પછી મહામતિ નેઢનો પુત્ર ' ધવલ ' શ્રીકર્ણદેવના રાજ્યમાં શ્રેષ્ઠ મંત્રી થયો, જેણે પોતાના યશ વડે ભુવનને ધવલ ( ઉજ્જવલ ) બનાવ્યું હતું. ૨૯

### આનંદ, પદ્માવતી

ત્યાર પછી રેવંતે કરેલા પ્રસાદથી જેણે ઉત્તમ સમૃદ્ધિ પ્રાપ્ત કરી હતી, ધણહાવિ (વિન્ધ્યવાસિની) દેવતાના સાંનિધ્યથી જેના સર્વ ઉપસર્ગો નષ્ટ થયા હતા અને શ્રેષ્ઠ ગુણો વડે જેનું માહાત્મ્ય ઉલ્લસી રહ્યું હતું, ભુવનને આનંદ પમાડનારો તે આનંદ નામનો સચિવેન્દ્ર જયસિંહદેવના રાજ્યમાં થયો. તેને ચંદ્ર જેવા વિમલ શીલરૂપી અલંકારવડે શોભતા સર્વ અંગવાળી, ગુરુ પ્રત્યે વિનય, પ્રણત ( પ્રણામ કરનારા દાસ-દાસી વગેરે પર) વત્સલ અને ધર્મ સંબંધી કામોમાં અનુરક્ત મન (પ્રેમ)વાળી અથવા સમગ્ર જગતને વિસ્મય કરનારા ગુણોરૂપી રત્નોની પેટી જેવી ' પદ્માવતી '–એ નામની વિખ્યાત પ્રિયતમા થઈ હતી. ૩૦-૩૩

### પૃથ્વીપાલ

એ પછી અવનીન્દ્રો ( રાજાઓ)માં તિલક સરખા સિદ્ધરાજ અને કુમારપાલદેવના પૃથ્વીપીઠને જાણે પુત્રરૂપી ભર્તારથી વિધુરિત (રહિત) જોઈને અથવા જગતના સુકૃતોના સંચયવડે વ્યયકરણ અને શ્રીકરણ સંબંધી આરંભના મહાભારની ધોંસરી વહન કરવામાં ધવલ (વૃષભ) જેવો મહામતિ આનંદને પુત્ર થયો. આ શ્રીપૃથ્વીપાલ મંત્રીને જયસિંહદેવ અને કુમારપાલ નરનાયકો (રાજાઓ)ના રાજ્યોમાં સત્ય નામવાળો (પૃથ્વીનું પાલન કરનાર) કર્યો હતો. ૩૪-૩૬

### તેનાં સુકૃતો

એ પછી જેણે અણહિલ્લવાડપુર (પાટણ)માં નિનય (નીના)ના કરાવેલા જાલિહરય ( જાલ્યોધર ) ગચ્છના ઋષભજિનભવનમાં જનક (પિતા) માટે, પંચાસરા પાર્શ્વગૃહ ( મંદિર)માં જનની ( માતા પદ્માવતી ) માટે અને ચડ્ડુવલ્લી ( ચંદ્રાવતી)માં પોતાના ગચ્છમાં માતામહી (માતા પદ્માવતીની માતા=દાદી)ના શુભ માટે મંડપો કરાવ્યા હતા. અને માતામહ ( માતા પદ્માવતીના પિતા=દાદા ) વોલ્હના [ શ્રેય ] માટે રોહાઈયવારસાગ(?)-માં સાયણવાડ(?)પુરમાં શાન્તિનું જિનભવન કરાવ્યું હતું. આબૂગિરિ પર શ્રીનેઢ અને વિમલના જિનમંદિરમાં અત્યંત વિસ્મયજનક મંડપ કરાવીને તેની આગળ મનોહર હાથણીઓ (? હાથીઓ ) પર પોતાના વંશના ઉત્તમ પુરુષોની મૂર્તિઓ સ્થાપી હતી. હંમેશાં બહુ પુસ્તકો અને વસ્ત્રોના દાનવડે સંઘની ભક્તિ કરીને તે મહામતિએ ( પૃથ્વીપાલે ) ખરેખર [ પોતાના ] આત્માને કૃતાર્થ કર્યો. ૩૭-૪૨

### મલ્લિનાથ ચરિત્રની રચના

એ પછી પોતાના માતા-પિતા ( પદ્માવતી અને આનંદ)ના આત્માના વિશેષ સુકૃતોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રુચિવાળા, ઉપમારહિત એવા સરસ્વતીના વર[દાન] પ્રભાવથી વાંછિત અર્થને પ્રાપ્ત કરનાર, દુર્નય (અનીતિ-અન્યાય રૂપી અંધકારના સમૂહને દૂર કરવામાં સૂર્ય સરખા, નય(નીતિ-ન્યાય) માર્ગમાં સારથિ-શિરોમણિ તથા નરપરીક્ષા, નારીપરીક્ષા, હસ્તિપરીક્ષા, અશ્વપરીક્ષા અને રત્નપરીક્ષા કરવામાં દક્ષ એવા સચિવાધિરાજ શ્રીપૃથ્વીપાલની અભ્યર્થનાથી; શ્રીચંદ્રસૂરિ ગુરુના પવિત્ર પદપદ્મના સ્મરણપ્રભાવથી સંમાનપૂર્વક શાસ્ત્રવિશેષ પ્રાપ્ત કરનાર છતાં અલ્પમતિવાળા એવા હરિભદ્રસૂરિએ, સર્વદેવગણિએ કરેલ સાંનિધ્ય (સહાય) વડે, પૂર્વકવીન્દ્રોની પરંપરાએ રચેલા ગ્રન્થો જોઈને; અણહિલ્લવાડપુર(પાટણ)માં શ્રીકુમારપાલદેવના રાજ્યમાં શ્રીભિસ્સય(?) ગણધરયુક્ત શ્રીમલ્લિનાથ પ્રભુ [ચરિત્ર]નો લેશમાત્ર આ ત્રીજો પ્રસ્તાવ યથાશક્તિ ઘણા પરિશ્રમથી કહેવામાં આવ્યો છે. તેથી હે સુજનો! મારા ઉપર મહાપ્રસાદ કરીને, જે કંઈ પણ મેં અનુચિત કથન કર્યું હોય, તે સર્વને તમે શુદ્ધ કરજો (કરો), કારણ કે દિનકર (સૂર્ય)નો ઉદય થતાં અંધકારના સમૂહને અવકાશ મળતો નથી ૪૨-૪૯

## પ્રસ્તાવની પ્રશસ્તિ

હરિભદ્ર મુનીશ્વરે રચેલા શ્રીમલ્લિનાથ-ચરિતમાં પરમપદાન્ત આ ત્રીજો પ્રસ્તાવ સારી રીતે કહેવામાં આવ્યો છે. હે ભવ્યો! જો તમને પોતાના અજ્ઞાનરૂપી અન્ધકારના સમૂહને વિચ્છેદ (નાશ) કરવાની મતિ છે, તો શ્રીમલ્લિતીર્થાધિપતિના સચ્ચરિત્રના આ સ્વચ્છ દીપ (દીવા)ને હૃદયમાં [ધારણ] કરો. ૫૦-૫૧

## અંતિમ આશીર્વાદ

જ્યાં સુધી ચંદ્ર અને સૂર્ય પોતાના પ્રતાપવડે ભુવનને પ્રકટ કરે છે, ત્યાં સુધી મલ્લિનાથ જિનવરનું આ ચરિત્ર જીવલોકમાં જયવંત રહો. ૫૨

## શ્રીમલ્લિનાથનું અંતિમ મંગલ

જેના બંને ચરણોના નખરૂપી મણિના કિરણોમાં સંક્રમેલા (પ્રતિબિંબિત થયેલા) સુરપતિઓ (દેવેન્દ્રો)ની શ્રેણિ, જાણે પોતાની લઘુતાને કહે છે, એ મલ્લિજિનનાથ જયવંતા વર્તો ૫૩

## ગુરુસ્તુતિ

ઉદય પામતા લક્ષણ(વ્યાકરણ)શાસ્ત્રસમૂહના નિધિ, સદ્ધર્મરૂપી મુદ્રાના અવધિ, સિદ્ધાન્તરૂપી અદ્વિતીય સહસ્રપત્ર (કમલ)ને વિકસ્વર કરવામાં સૂર્ય જેવા, વિદ્યમાન વાદીઓમાં ચૂડામણિ જેવા, તર્કરૂપી પથિક (મુસાફર)ને આશ્રય આપવામાં વૃક્ષ જેવા, કામદેવની વધૂ (રતિ અને પ્રીતિ)નો વૈધવ્યના દીક્ષાગુરુ (અર્થાત્ કામનો નાશ કરનારા), સાહિત્યરૂપી અમૃતના સાગર એવા મુનિવર શ્રીચન્દ્રસૂરિની હું સ્તુતિ કરું છું. ૫૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मुनि सहजज्ञान रचित
# जिनलब्धिसूरि–जिनचंद्रसूरि विवाहलउ

लेखकः—श्रीयुत अगरचंद नाहटा

**श्वेताम्बर** जैनसम्प्रदायके ८४ गच्छ कहे जाते हैं। खरतरगच्छ उन्हींमेंसे एक प्रधान-गच्छ है। इसका प्राचीन नाम सुविहितगच्छ या विधिसंघ भी पाया जाता है। इस नाम-करणका कारण–उद्द्योतनसूरिजीके शिष्य वर्द्धमानसूरि और उनके शिष्य जिनेश्वरसूरिका चैत्यवासका विरोध एवं सुविहित मार्गका प्रचार करना है। पाटणके नृपति दुर्लभराजकी सभामें चैत्यवाश्रियोंसे इन्होंने शास्त्रार्थ किया एवं विजय प्राप्त की तबसे सुविहित मार्गके प्रचारको बड़ा बल मिला। इससे पूर्व चैत्यवासी लोग सुविहित आचारके पालन करनेवाले साधुओंको पाटणादिमें ठहरनेके लिये स्थान प्राप्त करनेमें भी बाधा डालते थे। शिथिलाचारका विरोध करनेवालोंके लिये स्वयं विशुद्ध–खरा आचरण करना परमावश्यक है और असिधारा सदृश भ० महावीरके प्ररूपित साध्वाचारको पालनवालोंका समुदाय विशुद्धतर आचार पालन करनेसे " खरतर " कहलाया। सौभाग्यवश इनकी परम्परामें मुनिराज आचारनिष्ठताके साथ बडे विद्वान भी हुए और इन दोनों सद्‌गुणोंके मणि–कांचन सुयोगसे थोड़े ही वर्षोंमें इनका प्रभाव बहुत विस्तार पाया। वर्द्धमानसूरिके दो विद्वान शिष्य थे-जिनेश्वरसूरि और उनके भ्राता बुद्धिसागरसूरि। इनमेंसे जिनेश्वरसूरिने ' पंचलिंगी प्रकरण, षटस्थानक प्रकरण, हरिभद्र अष्टकवृत्ति, कथाकोश वृत्तिसहित कथा व प्रमालक्ष्म ' नामक न्यायग्रन्थकी रचना की एवं बुद्धिसागरसूरिने ' बुद्धिसागर या शब्दलक्ष्यलक्ष्म ' नामक व्याकरणकी रचना की। श्वे. सम्प्र-दायका यह सर्वप्रथम व्याकरण है।

जिनेश्वरसूरिके दो विद्वान शिष्योंमें जिनचंद्रसूरिजीने ' संवेगरंगशाला ' नामक ( १८ हजार श्लोक परिमाणवाले ) प्राकृत ग्रन्थकी रचना की और अभयदेवसूरि तो नवाङ्ग वृत्तिकारके रूपमें समस्त श्वे. समाजमें मान्य ग्रन्थकार हैं। आपके अन्य भी अनेक ग्रन्थ प्राप्त हैं। इनके शिष्य जिनवल्लभसूरिजी उद्‌भट विद्वानोंमेंसे हैं, जिनके अनेक काव्य एवं सैद्धांतिक ग्रन्थ और स्तोत्र उपलब्ध हैं। आपके पट्टधर युगप्रधान जिनदत्तसूरि तो बड़े ही प्रभावक आचार्य हो गये हैं, जिनकी बड़े दादाजीके नामसे सर्वत्र प्रसिद्धि है। आपके समस्त ग्रन्थ प्रकाशित हैं और हमने आपकी जीवनी भी प्रकाशित की है। इनके पट्टधर मणिधारी जिनचंद्रसूरि तेजस्वी आचार्य थे। केवल २६ वर्षकी आयुमें स्वर्गवास हो जानेसे आपकी कोई बड़ी रचना उपलब्ध नहीं है। आपके शिष्य जिनपतिसूरिकी विद्वत्ताकी धाक राजसभा-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ओंमें भी जमी हुई थी। अंतिम हिन्दू सम्राट पृथ्वीराजकी सभामें पद्मप्रभसे किया हुआ शास्त्रार्थ तो प्रसिद्ध है ही। ऐसे ही आपने अन्य ३६ वादोंमें विजय प्राप्त की थी। आपकी 'संघपट्टक' एवं 'पंचलिंगी' पर विशद टीकायें प्रकाशित हैं। जिनपतिसूरिके शिष्योंमें जिनपाल, सुमतिगणि, पूर्णभद्र आदि अनेकों ग्रन्थकार हुए। इनमेंसे जिनपाल उपाध्यायने युगप्रधानाचार्य गुर्वावलीमें वर्द्धमानसूरिसे लगाकर जिनेश्वरसूरि (सं. १३०५) तक इतिवृत्त बहुत ही महत्त्वपूर्ण दिया है। इसकी पूर्ति भी किसी अन्य विद्वानने की है जिससे जिनपद्मसूरिजी (वि. सं. १३९३) तकका ऐतिहासिक वृत्तान्त बड़े विस्तारसे पाया जाता है। पर खेद है इसके परवर्त्ती इतिहासके साधन बहुत कम ही मिलते हैं। खासकर जिनलब्धिसूरिजीसे जिनभद्रसूरिजी तक बीचके ७५ वर्षोंका इतिहास तो बहुत कुछ अंधकारमें है। जिनलब्धिसूरिजीके सम्बन्धमें 'सप्ततिका' व 'स्तवकलिका' रचे जानेका उल्लेख प्राप्त है पर जिस दो प्रतियोंसे इनके रचे जानेका पता चलता है उनमेंसे एक तो अभी अप्राप्त है। दूसरेके वे बीचके पत्र प्राप्त नहीं हुए जिनमें यह सप्ततिका लिखी हुई थी। सौभाग्यकी बात है इनके पट्टधर आचार्य जिनचंद्रसूरिजीके सम्बन्धमें मुनि सहजज्ञान रचित विवाहला जैसलमेर भंडारकी सं. १४३०में लिखित प्रतिमें हमें प्राप्त हो गया है। यद्यपि इसकी प्रारंभिक दो गाथायें प्रतिके पूर्वपत्रके न मिलनेसे प्राप्त न हो सकी फिर भी वस्तुछंदसे उन गाथाओंके विषयका परिज्ञान हो जाता है। कोई खास हरज नहीं हुआ। प्रस्तुत विवाहला एक सुन्दर काव्य है जिससे तत्कालीन भाषाका परिचय व सूरिजीका इतिहास मिलनेके साथसाथ काव्यकी मनोरम छटाका भी आभास मिलता है।

हमने ऐसे ही कई अन्य काव्योंको अपने "ऐतिहासिक जैन काव्य संग्रह"में १२ वर्ष पूर्व प्रकाशित किये थे। फिर भी अभी बहुतसे ऐतिहासिक काव्य हमारे संग्रहमें अप्रकाशित अवस्थामें पड़े हैं। प्रस्तुत विवाहला खरतरगच्छ पट्टावलीकी एक तिमिराछिन्न गाथाको प्रकाशमें लाता है अतः इसे ही सर्व प्रथम प्रकाशित करना आवश्यक समझ इसीसे श्रीगणेश किया जा रहा है।

खरतरगच्छकी प्राप्त पट्टावलियोंमें जिनलब्धसूरिके पट्टधर श्रीजिनचंद्रसूरिजीके सम्बन्धमें केवल २-३ पंक्तिकी लिखी मिलती है। यथा—'श्रीजिनचंद्रसूरीणां सं. १४०६ माघ सित १० दिने जैसलमेरौ श्रीमाल सा. हाजी कारितं नंद्यां श्रीतरुणप्रभाचार्यैः पदं दत्तं। सं. १४१४ श्रीस्तंभतीर्थे स्वः प्राप्तानां कूपारामरमणीयप्रदेशे स्तूपनिवेशः।"

भांडारकर इन्स्टीटयूट पूनेसे हमने उ. जयसोमरचित "गुरुपर्वक्रम" नामक खरतर पट्टावली प्राप्त की है उसमें आपके वंश, जन्म व दीक्षा संवतका निर्देश विशेष है। यथा—

५२। तत्पट्टे श्रीजिनचंद्रसूरिः छाजहडगोत्रीयः १३८५ वर्षे संजातजनुः १३९० वर्षे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गृहीतव्रतः। उग्रतविहारी सं. १४०६ वर्षे माघ सुदि दशम्यां जैसलमेरौ राखेचा हाजी कारितं नंद्यां श्रीतरुणप्रभाचार्यैदत्तसूरिपदः। स्तंभतीर्थे सं. १४१४ वर्षे प्राप्तस्वर्गतिः।

अब प्रस्तुत रासका ऐतिहासिक सार दे कर यु. गुर्वावलीसे जो कुछ विशेष ज्ञातव्य मिलता है उसका दिग्दर्शन कराया जायगा।

( मरु ) देशके कुसुमाण गाँवमें मंत्री केल्हा निवास करते थे। उनकी पत्नी सरस्वतीकी कुक्षिसे पातालकुमारका जन्म हुआ था और कुमार बड़े होने लगे। इधर दिल्लीनगरसे रयपति संघपतिने शत्रुंजय तीर्थकी यात्रार्थ संघ निकाला। कुसुमाणेमें आने पर मंत्री केल्हा भी सपरिवार उसमें सम्मिलित हो गये। क्रमशः प्रयाण करता हुआ संघ शत्रुंजय पहुंचा। तीर्थपति ऋषभदेव प्रभुके दर्शन कर सबने अपना जन्म सफल माना। वहां गच्छनायक श्रीजिनकुशलसूरिका वैराग्यमय उपदेश श्रवण कर पातालकुमारको दीक्षा लेनेका उत्साह प्रगट हुआ पर मातासे अनुमति प्राप्त करना कठिन था। अंतमें किसी तरह माताने प्रबोध पाकर आज्ञा दे दी और पातालकुमारके सूरिजीसे वासक्षेप दे कर उन्हें शिष्यरूपसे स्वीकार किया। यथासमय दीक्षाकी तैयारियाँ होने लगी। मंत्री केल्हाने चतुर्विध विधिसंघकी पूजा की, याचकजनोंको मनोवांछित दान दिया। पातालकुमारका वरघोड़ा निकला और वे व्रतश्रीसे हथलेवा जोड़ने ( दीक्षा लेने ) गुरुश्रीके पास आये। गुरु महाराजने उसका दीक्षा कुमारीसे विवाह करवा दिया ( दीक्षा दे दी )। इस समय दिल्ली आदि नगरोंकी स्त्रियें मंगल गीत गाने लगी। गुरुवर जिनकुशलसूरिजीने आपका दीक्षा नाम जशोभद्र ( यशोभद्र ) रखा। श्रीअमीचंद्रगणिके पास आपने विद्याध्ययन किया। यथासमय पढ़लिख कर योग्यता प्राप्त होने पर ( श्रीजिनकुशलसूरि पट्टधर जिनपद्मसूरिके पट्टधर ) जिनलब्धिसूरिजी अपने अंतिम समयमें यशोभद्र मुनिको अपने पद पर प्रतिष्ठित करनेकी शिक्षा दे गये। तदनुसार तरुणप्रभसूरिने सं. १४०६ माघ सुदि १० को जैसलमेरमें आपको गच्छनायक पद पर प्रतिष्ठित किया। पाटमहोत्सव हाजी शाहने किया। आ. जिनचंद्रसूरि म. महावीरकी शासनधुराको धारण करते हुए पृथ्वीतल पर विहार करने लगे। कविने यहीं तकका वर्णन करते हुए विवाहला समाप्त किया है। इससे इसकी रचना १४०६ में होना विशेष संभव है।

प्रस्तुत विवाहलामें जिनचंद्रसूरिके जन्म संवत, दीक्षा संवत, स्वर्गवास संवतादिका उल्लेख नहीं है अतः यहाँ अन्य साधनोंसे विचार किया जाता है।

१. युगप्रधानाचार्य गुर्वावलीके अनुसार दिल्लीके सेठ रयपतिका संघ सं. १३८० में निकला था एवं संघके फलौधी आने पर कोशवाणाके मंत्री केल्हादि उसमें सम्मिलित हुए थे। आ. जिनकुशलसूरिजी पाटणसे संघमें सम्मिलित हुए थे। संखेश्वरादि तीर्थ होता हुआ संघ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



असाढ़ कृष्णा ६ को गिरिराज पर चढ़ा था और उसी दिन युगादिदेवके समक्ष यशोभद्र एवं देवभद्र नामक क्षुल्लकोंको दीक्षा दी थी। सं. १३८१ के वैशाख वदि ६ को पाटणमें यशोभद्र और देवभद्रको सूरिजीने बड़ी दीक्षा दी थी। गुर्वावलीके इस उल्लेखसे जयसोमके गुरुपर्वक्रममें दिये हुए जन्म एवं दीक्षा संवत गलत सिद्ध होते हैं। संभवतः आपका जन्म १३७२ के लगभगमें हुआ।

२. आपको विद्याध्ययन करानेवाले अमियचंद्रगणि, गुर्वावलीमें उल्लिखित अमृतचंद है जिनकी दीक्षा सं. १३५४ के ज्येष्ठ वदि १० को जालोरमें जिनचंद्रसूरिजीके करकमलोंसे हुई थी। सं. १३७५ में नागौरसे हस्तिनापुर व मथुरा महातीर्थका संघ निकाला तब आप सूरिजीके साथ थे। सं. १३९० जे. सु. ६ देयवरमें जिनपद्मसूरिजीने (अपने आचार्य पद प्राप्तिके दिन ही) आपको वाचनाचार्य पद दिया था। सं. १३९३ के चैत्र शुक्ला १५ को आबू तीर्थयात्राके लिये संघ निकाला था उसमें जिनपद्मसूरिजीके आप साथ थे।

३. परिवर्त्ती पट्टावलियोंसे ज्ञात होता है कि आपका स्वर्गवास सं. १४१४ में खंभातमें हुआ था। जयसोमके गुरुपर्वक्रमानुसार आपका गोत्र छाजहड था एवं पदोत्सवकारक हाजी शाहका गोत्र राखेचा था।

४. जिस कोसवाणेमें आपका जन्म हुआ था श्रीजिनकुशलसूरिजीके गुरु श्रीजिन-चंद्रसूरिजीका वहां सं. १३७६ में स्वर्गवास हुआ था और अग्निसंस्कारके स्थान पर स्तूप बनाया गया था। यह स्थान जोधपुर राज्यमें है। अभी उस स्तूपका पता नहीं चला।

५. आप श्रीजिनलब्धिसूरिजीके पट्ट पर स्थापित किये गये थे। उनका संक्षिप्त परिचय दे देना भी यहां आवश्यक है।

खरतरगच्छकी पट्टावलियोंमें तो आपके संबंधमें इतना लिखा मिलता है कि सं. १४०० के आ. सु. १ आचार्यपद मिला। पदोत्सव पाटणनिवासी नवलखा ईश्वरने किया। तरुण-प्रभसूरिने सूरिमंत्र दिया। आपका गोत्र नवलखा था। सं. १४०६ में नागोरमें स्वर्गवासी हुए। आपका दीक्षानाम लब्धिनिधान संभव है। युगप्रधान गुर्वावलीमें अनेकवार इस नामसे उल्लेख आता है। आपके रचित कई ग्रन्थ और स्तोत्र भी प्राप्त है।

[ मूल विवाहलउ काव्य अगले अंकमें प्रगट होगा ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમિતિના ચાર પૂજ્યોનાં ચાતુર્માસ–સ્થળો

૧. પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, ઠે. ટેકરી. ખંભાત.

૨. પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ, ઠે. નેમુભાઈની વાડી, ગોપીપુરા, સુરત.

૩. પરમપૂજ્ય મુનિરાજ શ્રીવિદ્યાવિજયજી મહારાજ. શિવપુરી. (મધ્યભારત)

૪. પરમપૂજ્ય મુનિરાજ શ્રીદર્શનવિજયજી મહારાજ ઠે. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ઉપાશ્રય, સુરેન્દ્રનગર.



## સાભાર–સ્વીકાર

૧. **મૌન એકાદશીનો મહીમા યાને સુવ્રત શેઠ ચરિત્ર–લેખક : પૂ. મુનિ શ્રી** નિરંજનવિજયજી મહારાજ, **પ્રકાશક :** શ્રીનેમિ–અમૃત–ખાંતિ–નિરંજન ગ્રંથમાળા, અમદાવાદ. **પ્રાપ્તિસ્થાન :** જસવંતલાલ ગીરધરલાલ શાહ, ૧૨૩૮, રૂપાસુરચંદની પોળ. અમદાવાદ. **મૂલ્ય :** નવ આના.

૨. **પોષ દશમીનો મહિમા યાને શ્રીપાર્શ્વનાથ અને સુરદત્ત ચરિત્ર :** લેખક, પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ. **મૂલ્ય :** આઠ આના.

૩. **ભગવાન શ્રીનેમિનાથ અને શ્રી કૃષ્ણ :** લેખક, પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ. **મૂલ્ય :** બે રૂપિયા.

**४. संवतप्रवर्तक महाराजा विक्रम: (हिंदी): लेखक, प्रकाशक और प्राप्तिस्थान उपर मुजब. मूल्य: पांच रूपये.**

**५. मेरे साथी (हिंदी): लेखक: महात्मा भगवानदीन, प्रकाशक : भारत जैन महामंडल, वर्धा. मूल्य: एक रूपया.**

**६. श्रीमंडपदुर्ग (मांडवगढ) तीर्थके श्रीशांतिनाथ भगवानके मंदिरका अहेवाल: प्रकाशक: मांडवगढतीर्थ कमीटी वती शेठ गट्टुलाल हीरालाल वकील, धार.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

## દરેકે વસાવવા યોગ્ય

# શ્રી જૈન સત્ય પ્રકાશના વિશેષાંકો

## (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

## (૨) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક : મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબ આપતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્ય મ૦ના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

## કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દશમા, અગિયારમા, બારમા, તેરમા, ચૌદમા તથા પંદરમા વર્ષની પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકના અઢી રૂપિયા

— લખો —

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
**જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.**

**શ્રી જૈન સત્ય પ્રકાશનું વાર્ષિક લવાજમ ત્રણ રૂપિયા**

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only